# દેવેન્દ્ર પટેલ



## મહાકવિ 'હોમર'ના 'ઈલિયડ' દ્વારા સાહિત્યનો પ્રથમ સ્પર્શ

દેવેન્દ્ર પટેલનો જન્મ તા. ૨૦-૧૦-૧૯૪૫ના રોજ તેમના મોસાળ બાયડ (જિ. સાબરકાંઠા)માં થયો. વતન આકરૂન્દ.

પિતાનું નામ જેસિંગભાઈ રેવાભાઈ પટેલ અને માતાનું નામ રેવાબેન. પિતા મધ્યમ વર્ગના સુખી ખેડૂત અને ગાંધી રંગે રંગાયેલા હતા. સફેદ ખાદીનું ધોતિયું અને ઝભ્ભો પહેરતા. માથે ખાદીની ગાંધી ટોપી પહેરતા. આ દેશનો સ્વાતંત્ર્ય સંગ્રામ એમણે જોયો હતો. આઝાદીના જંગ સમયથી જ તેઓ અન્યાય સામે લડવાની મનોવૃત્તિ ધરાવતા હતા. એ સમયે આકરૂન્દ એ જાગીરદારોનું ગામ હતું.



આકરૂન્દ પર મહારાષ્ટ્રીયન ફણસે પરિવારોની જાગીર હતી. પિતાએ આ જાગીરી નાબૂદ કરવાની લડતમાં મહત્ત્વપૂર્ણ ભાગ ભજવ્યો હતો છતાં કૃષ્ણકુમાર ફણસે જેવા વિદ્વાન જાગીરદારો સાથે તેમને અંગત ઘરોબો હતો.

પોતાના એક માત્ર પુત્રને તેમણે આકરૂન્દની સરકારી પ્રાથમિક શાળામાં દાખલ કર્યો. પિતા શિક્ષણપ્રેમી હતા. તેમનું એકમાત્ર લક્ષ્ય હતું- પુત્રને શ્રેષ્ઠ કેળવણી આપવી. એ સમયે આખા ગામમાં ટપાલમાં એકમાત્ર અખબાર આવતું અને તે પણ બીજા દિવસે. અમદાવાદથી ટ્રેન મારફતે ટપાલ તલોદ આવતી અને બીજા દિવસે તલોદથી તે ટપાલ આકરૂન્દ આવતી. એ અખબાર વાંચવા પિતા અને ગામના બીજા આગેવાનો ગુજરાતી શાળામાં જતાં અને શાળાના આચાર્ય જ ટપાલનું સંચાલન કરતા. બચપણમાં જ પિતાએ પુત્રને ગુજરાતી અખબાર વાંચવા પ્રેરણા આપી હતી. થોડા વખત પછી બાળકોનું સાપ્તાહિક 'ઝગમગ' શરૂ થયું. તેમાં જીવરામ

જોષીની વાર્તાઓ (૧) છેલ અને છબો (૨) છકો મકો તથા (૩) મિયાં ફુસકી અને તભા ભટ્ટ નાનકડા પુત્રનાં પ્રિય પાત્રો બની ગયા. ધોરણ સાત સુધીમાં તો પિતાથી છુપાવીને પુત્રએ એન.જે. ગોલીબારની રહસ્યકથાઓ, ડિટેક્ટિવ વાર્તાઓ અને 'બરફની શાહજાદી' જેવી ચોપડીઓ વાંચવા માંડી.

એ દરમિયાન આકરૂન્દમાં એક ભાડાંના મકાનમાં હાઈસ્કૂલ શરૂ થઈ. અંગ્રેજી શીખવા મળે એ હેતુથી તેમને હાઈસ્કૂલના ધોરણ સાતમામાં જ દાખલ કરવામાં આવ્યો. પિતાની ઇચ્છા પુત્રને એન્જિનિયર કે આઈએએસ બનાવવાની હતી. એ વખતે ઈશ્વરન નામના એક અધિકારી ગુજરાત સરકારમાં આઈએએસ હતા. તેમનો દાખલો આપવામાં આવતો. હાઈસ્કૂલમાં કોદરભાઈ જયસ્વાલ નામના શિક્ષક સંસ્કૃત ભણાવતા હતા. દેવેન્દ્રને સંસ્કૃતના શ્લોકો ગમવા માંડ્યા. અંગ્રેજીનો વિષય પણ ગમવા માંડ્યો. સ્કૂલ દ્વારા ભજવાયેલા 'મિથ્યાભિમાન' જેવાં નાટકોમાં પણ ભાગ લીધો.

## શ્રેયસમાં શિક્ષણ



પિતાની ઇચ્છા પુત્રને શ્રેષ્ઠ શિક્ષણ આપવાની હતી. તેમણે આણંદની ડી. એન. હાઈસ્કૂલમાં તથા કડીની સર્વ વિદ્યાલય સ્કૂલમાં પ્રવેશ માટે અરજી કરાવડાવી, પરંતુ આ મોટી હાઈસ્કૂલોને ગ્રામ્ય શાળાના વિદ્યાર્થીને પ્રવેશ આપવા ઇનકાર કર્યો. છેવટે અમદાવાદની 'શ્રેયસ' હાઈસ્કૂલમાં પ્રવેશ મળ્યો. અંબાલાલ સારાભાઈના દીકરી લીનાબેન મંગળદાસ સંચાલિત આ શ્રેષ્ઠ સ્કૂલની આખા દેશ અને છેક આફ્રિકા સુધી નામના હતી. લીનાબહેન દેશના વૈજ્ઞાનિક ડૉ. વિક્રમ સારાભાઈનાં બહેન થાય. તેમને અનાયાસે જ આ ઉત્કૃષ્ટ સ્કૂલ પ્રાપ્ત થઈ. છેક આફ્રિકામાં વસતા ગુજરાતી પરિવારોનાં સંતાનો આ સ્કૂલમાં ભણવા આવતાં હતાં. તેમને ડૉ. વિક્રમ સારાભાઈનાં સંતાનો મલ્લિકા સારાભાઈ, કાર્તિકેય સારાભાઈ તથા શહેરના સુપ્રસિદ્ધ મિલમાલિકો જેવા કે જયકૃષ્ણ હરિવલ્લભદાસનાં સંતાનો સાથે જ ભણવાની તક પ્રાપ્ત થઈ. પ્રો. લાકડાવાળા ગણિત ભણાવતા. છોટુભાઈ નાયક અંગ્રેજી ભણાવતા. સુપ્રસિદ્ધ નટ પ્રાણસુખ નાયક અભિનય ભણાવતા. પાલ બાબુ જેવા બંગાળી કલાકાર ચિત્રકામ શીખવતા. સ્કૂલમાં સંગીત શીખવું પણ ફરજિયાત હતું. સ્વિમિંગ શીખવું ફરજિયાત હતું. ટેબલ ટેનિસ, બેડમિંટન, વૉલિબોલ, ક્રિકેટ એ તમામ રમતોનું પ્રશિક્ષણ ઉપલબ્ધ હતું.

એ વખતે અમદાવાદમાં શાહીબાગ અંડરબ્રિડ પાસે અંબાલાલ સારાભાઈ 'રિટ્રીટ' બંગલામાં રહેતા હતા. ૨૭ એકરમાં પથરાયેલો આ 'રિટ્રીટ' બંગલો સ્વયં એક બોટનિકલ ગાર્ડન હતો. શેઠશ્રી અંબાલાલ સારાભાઈ કેલિકો મિલના માલિક હતા. તેમના બાગ-બગીચાની સંભાળ માટે ૩૦થી વધુ માળી હતા. વિશ્વમાં ક્યાંયે જોવા ના મળે તેવાં ગુલાબ અહીં જોવા મળતાં. આવા 'રિટ્રીટ' બંગલાનો જ એક ભાગ 'શ્રેયસ'ની હોસ્ટેલ તરીકે વપરાતો હતો. માંડ પંદર વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થિનીઓ જ એક પરિવાર તરીકે ભેગાં જ હોસ્ટેલમાં રહેતાં. બૉયઝ અને ગર્લ્સની એક જ હોસ્ટેલ હતી. સાણંદ ઠાકોર સાહેબનું કુંવરી પ્રકાશકુંવરબા તથા તેમના પુત્રો દુર્ગાપ્રસાદ અને મહાકાલી પ્રસાદ પણ આ હોસ્ટેલમાં જ રહેતા. મુંબઈની પાર્લે કંપનીના માલિકનો પુત્ર જિતેન્દ્ર ચૌહાણ પણ આ જ હોસ્ટેલમાં રહેતો. હોસ્ટેલનાં ગૃહમાતા તરીકે દુલારીબેન વાષ્ણૅય હતાં. તેઓ તથા તેમના પતિ કુંજબિહારીજી વાષ્ણૅય હિન્દીભાષી હતાં તેથી બધાં જ બાળકો સુંદર હિન્દી બોલી શકતાં.

## ઈલિયડ



લીનાબેન સારાભાઈ સ્વયં એક ઉત્તમ લેખિકા હતાં. એ સમય દરમિયાન એમણે મહાકવિ હોમરનું સુપ્રસિદ્ધ મહાકાવ્ય 'ઇલિયડ'નોગુજરાતીમાં નાટ્ય સ્વરૂપે અનુવાદ કર્યો. 'હેલન ઑફ ટ્રૉય'ની આ કથા આખા વિશ્વમાં સુપ્રસિદ્ધ છે. આ ગ્રીક મહાકાવ્ય આજે પણ યુનિવર્સિટીઓમાં ભણાવવામાં આવે છે. 'શ્રેયસ' સ્કૂલ દર વર્ષે કોઈ એક મહાકાવ્ય કોઈ એક દેશ કે કોઈ એક પ્રાંતને વાર્ષિક વિષય તરીકે સ્કૂલનાં તમામ બાળકોને આપતી. કોઈ વાર કાશ્મીર વિશે આખું વર્ષ ભણાવવામાં આવે તો કોઈ વાર આફ્રિકા વિશે ભણાવવામાં આવે. ૧૯૫૯ના વર્ષમાં 'ઇલિયડ' મહાકાવ્યની પસંદગી થઈ હતી. સ્કૂલ ખૂલતાં જ લીનાબેન 'ઇલિયડ'ની વાર્તા કહેતાં અને વાર્ષિક પરીક્ષાના સમયે સ્કૂલનાં બાળકો જ 'ઇલિયડ' ભજવતાં. તેમાં ૧૦૦થી વધુ પાત્રો સ્ટેજ પર આવતાં. એ જમાનાનાં નાટકનાં કોસ્ચ્યુમન પણ સ્કૂલમાં જ ડિઝાઈન થતાં. ભાલા અને ઢાલ પણ એ જમાનાની શૈલી જેવાં તૈયાર કરવામાં આવતાં હતાં. સ્ટેજ પર ગ્રીક જહાજો પણ ઊભા કરવામાં આવતાં. આ કલા પાલ બાબુની હતી. નાટકનું દિગ્દર્શન ખુદ લીનાબેન કરતાં હતાં. દોઢસો ફૂટ કરતાંયે વિશાળ એવા ખુલ્લા સ્ટેજ પર આખું ટ્રૉયનગર ખડું થઈ જતું. મહારાજા પ્રાયેમનો મહેલ પણ ખડો થઈ જતો. ટ્રૉયને અડીને આવેલા દરિયા કિનારાનાં યુદ્ધજહાજો પણ નજરે ચડે તેવી કમાલ પાલ બાબુ કરી દેતાં હતાં. આ નાટકમાં એક કલાકાર તરીકે કામ કરવાની તક નવમા ધોરણમાં ભણતા દેવેન્દ્રને પણ પ્રાપ્ત થઈ. યુનિવર્સિટીઓમાં ભણાવવામાં આવતું એક સુપ્રસિદ્ધ મહાકાવ્ય તેમની પર એક અમીટ છાપ છોડી ગયું. બસ એ જ દિવસથી એને ગ્રીક, રોમન, સ્પાર્ટા, પેલેસ્ટાઈન પૌરાણિક સંસ્કૃતિની કથાઓ અને સાહિત્યમાં રસ પડ્યો. જુલિયસ સિઝર, માર્ક એન્ટની, ક્લિયોપેટ્રા, સ્પાર્ટેક્સ, જીસસ ક્રાઈસ્ટ, મોસીસ, બેનહર જેવા સુપ્રસિદ્ધ પાત્રો તેનાં પ્રિય પાત્રો બની ગયાં. આ વિષય પરનાં પુસ્તકો જ્યાંથી પણ મળ્યાં ત્યાંથી મેળવી એણે વાંચી કાઢ્યાં. "એ સમયગાળા દરમિયાન અમદાવાદમાં સેન્ટ્રલ સિનેમા અને એડવાન્સ સિનેમામાં જ અંગ્રેજી ફિલ્મો રજૂ થતી. આ થિયેટરોમાં 'બેનહર', 'ધ ટેન કમાન્ડમેન્ટ્સ', 'કિંગ ઑફ ધી કિંગ્સ', 'સ્પાર્ટેક્સ'. 'હેલન ઑફ ટ્રૉય', 'સોલોમન એન્ડ શીબા' તથા સેમસન એન્ડ ડ લાઈલાહ' જેવી ફિલ્મો રજૂ થઈ. આમાંની કેટલીક ફિલ્મો રોમન સંસ્કૃતિ પર આધારિત હતી તો કેટલીક ફિલ્મોમાં બાઈબલની કથાઓ હતી. 'ધી ટેન કમાન્ડમેન્ટ'માં જિસસ પૂર્વેની કથાઓ છે તો 'બેનહર'માં જિસસના સમયની કથા છે. ગ્રીસ સ્પાર્ટા, પેલેસ્ટાઈન તથા મિસરના એ બધાં પાત્રો દેવેન્દ્રના દિલોદિમાગ પર છવાઈ ગયાં. એનાં કથાનકો દેવેન્દ્રને પૌરાણિક સાહિત્ય તરફ ઘસડી ગયાં. વર્ષો બાદ પત્રકાર તરીકે તેઓ જ્યારે ઇઝરાયેલ ગયા ત્યારે તેમણે બેથલેહામની મુલાકાત લીધી. ભગવાન ઈસુ ખ્રિસ્ત જ્યાં જન્મ્યા હતા. તે ગભાણવાળા ચર્ચની મુલાકાત લીધી. જિસસ ક્રાઈસ્ટને માથા પર કાંટાળો તાજ મૂકી વધસ્તંભ સાથે જે શેરીઓમાંથી ચલાવીને લઈ ગયા હતા તે માર્ગની પણ મુલાકાત લીધી. એ રસ્તાને 'વાયા ડોલોરસા' કહે છે. 'વાયા ડોલોરસા' એટલે દુઃખનો માર્ગ. અહીં ચાલનારા ઘણાં લોકો

જિસસના દુ:ખને યાદ કરી દ્રવિત થઈ જાય છે અને અનુકંપા તેમણે પણ અનુભવી. એ પછી એમણે જેરુસલેમની એ ટેકરીની મુલાકાત પણ લીધી કે જ્યાં ઈસુ ખ્રિસ્તને વધસ્તંભ પર ચડાવવામાં આવ્યા હતા. વધસ્તંભ પરથી ઉતાર્યા બાદ ઈસુના મૃતદેહને જે પથ્થર પર મૂકવામાં આવ્યો હતો તે પથ્થરનાં પણ દર્શન કર્યાં.

અને આ બધાના પરિપાકરૂપે તેમણે એક સુંદર પુસ્તક લખ્યું : 'ઇઝરાયેલ : ધી લેન્ડ ઑફ ધી બાઈબલ.' આ શ્રેણી 'ગુજરાત સમાચાર'માં પ્રગટ થઈ હતી. લેખકના આ પુસ્તકને શ્રેષ્ઠ પુસ્તક તરીકે તા. ૯-૧-૧૯૯૯ના રોજ 'ગુજરાત સાહિત્ય અકાદમી' તરફથી 'નિબંધ અને પ્રવાસ' શ્રેણીમાં પ્રથમ પારિતોષિક મળ્યું.

# કરુણતમ ટ્રેજેડી - 'ઈડિપસ' અને ક્વીન એલિઝાબેથ

'શ્રેયસ'માં અભ્યાસ દરમિયાન ૧૯૫૯ના ગાળામાં તે વખતના વડા પ્રધાન જવાહરલાલ નહેરુ એક વખત અમદાવાદની મુલાકાતે આવ્યા. નહેરુ જ્યારે પણ આવે ત્યારે 'રિટ્રીટ' બંગલામાં અંબાલાલ સારાભાઈના મહેમાન બનવાનું પસંદ કરતા હતા. પંડિતજીએ 'શ્રેયસ'ની મુલાકાત લીધી અને નવમા ધોરણમાં ભણતા દેવેન્દ્રને ઝાડ નીચે બેસીને ડ્રોઈંગ કરતો જોઈ નહેરુ થોડી વાર ઊભા રહ્યા. નાનકડા કિશોરનું ચિત્ર હાથમાં લઈ પંડિતજીએ પૂછ્યું : "યે ચિત્ર આપને બનાયા હૈ ? બહોત સુંદર હૈ."

નહેરુને બાળકો ગમતાં હતાં અને જ્યારે પણ તેઓ બાળકોને મળે ત્યારે તેમની પર અમીટ છાપ છોડી જતા હતા.

લીનાબહેનનાં નાનાં બહેન ભારતી સારાભાઈ સ્વયં એક સાહિત્યકાર અને વિશ્વના સાહિત્યનાં અભ્યાસુ હતાં. અવારનવાર સ્કૂલ શરૂ થાય ત્યારે 'સંથાગાર'માં એકત્ર થતાં આખી સ્કૂલનાં બાળકોને તેઓ કોઈ ને કોઈ પ્રેરણાદાયી પ્રવચનો આપતાં. એમાં શેક્સપિયરની વાતો પણ આવતી અને કવિવર રવીન્દ્રનાથ ટાગોરની. પણ એ બધાંનો પ્રભાવ પણ બાળકો પર રહેતો.

**ક્વીનનો કાફલો**

એ સમય દરમિયાન બ્રિટનનાં રાણી ક્વીન એલિઝાબેથ અને તેમના પતિ ડ્યૂક ઑફ એડિનબરો અમદાવાદની મુલાકાતે આવ્યાં. શાહીબાગના રાજમાર્ગો પર થઈ તેમનો કાફલો નીકળવાનો હતો. શ્રેયસનાં બધાં જ બાળકો રોડ પર ક્વીનને જોવા દોડી ગયાં. મહારાણી એલિઝાબેથ અને ડ્યૂક ઑફ એડિનબરો એક ખુલ્લી કારમાં હતાં. આગળ પોલીસવાન હતી. પાછળ પત્રકારો અને તસવીરકારોની ખુલ્લી જીપ હતી. થોડીક ક્ષણો માટે જ બાળકોએ ક્વીનની ઝલક જોઈ, પરંતુ નાનકડા દેવેન્દ્રને થયું કે, "હું પણ પત્રકાર હોત તો ક્વીનની પાછળની ગાડીમાં મને સ્થાન મળત અને રાણીને બરાબર જોઈ શકત."

દેવેન્દ્ર પટેલે એમના પહેલાં પુસ્તક વિવેચન સમારોહ વખતે તેમના વિદ્યાર્થીજીવનના આ બાળસહજ અનુભવ અને લાગણીની વાત કરી ત્યારે સુપ્રસિદ્ધ કવિ માધવ રામાનુજ કે જેઓ કાર્યક્રમનું સંચાલન કરી રહ્યા હતા તેમણે રમૂજ કરતાં કહ્યું હતું કે, "સારું થયું કે, એમને ક્વીનની પાછળની ગાડીમાં બેસવાનું મન થયું. ક્વીનની બાજુમાં બેસવાનું મન થયું હોત તો ?....

અને પત્રકારત્વ પરત્વે અજાણતાં જ તેમને થયેલું આ આકર્ષણ પાછળથી એક વાસ્તવિકતા બની ગયું.

ધો.-૯ અને ધો.-૧૦ શ્રેયસમાં ભણ્યા પછી ૧૧મું ધોરણ કે જે એ વખતે એસ.એસ.સી. તરીકે ઓળખાતું તે ભણવા માટે ફરી એક વાર બાયડની એન. એચ. શાહ (સાઠંબાવાલા) હાઈસ્કૂલની પસંદગી કરવામાં આવી. સ્કૂલના આચાર્ય તરીકે એચ. ટી. પટેલ કે જેઓ ખુદ અંગ્રેજી વિષયના નિષ્ણાત શિક્ષક હતા. તેમણે વિદ્યાર્થી દેવેન્દ્રને પરીક્ષા માટે સજ્જ કર્યો. શાસ્ત્રીસાહેબે સંસ્કૃત ભણાવ્યું. છગનભાઈ પટેલે ગુજરાતી ભણાવ્યું. ગામમાં મામાનું ઘર હોવા છતાં દેવેન્દ્રને બાયડમાં નવી શરૂ થયેલી બોર્ડિંગમાં જ રાખવાનું પિતાએ પસંદ કર્યું. એ વખતે વીજળી નહોતી. ફાનસના અજવાળે જ એસ.એસ.સી.ની પરીક્ષા આપવાની . ૧૯૬૨માં સારા માર્ક્સ સાથે એસ.એસ.સી.ની પરીક્ષા પાસ કરી.

## સેન્ટ ઝેવિયર્સ કોલેજ



ભણવા માટે અમદાવાદની સેન્ટ ઝેવિયર્સ કૉલેજ પસંદ કરવામાં આવી. એ વખતે ફાધર ડિસોઝા પ્રિન્સિપાલ હતા. આર્ટ્સ ફેકલ્ટીમાં પ્રવેશ મેળવ્યો. ફાધર ડિસોઝા અને ફાધર બ્રિગાન્ઝા અંગ્રેજી ભણાવતા હતા. પ્રો. મઝુમદાર ગુજરાતી ભણાવતા અને સી. એલ. શાસ્ત્રી સંસ્કૃત ભણાવતા હતા. પ્રો. બબાભાઈ પટેલ અર્થશાસ્ત્ર ભણાવતા હતા. તેઓનો મુખ્ય વિષય મનોવિજ્ઞાન હોવા છતાં અંગ્રેજી અને સંસ્કૃતના વિષયોમાં ઊંડા ઊતરવાનું પસંદ કર્યું. પ્રો. સી. એલ. શાસ્ત્રી કવિ ભાસકૃત 'સ્વપ્નવાસવદત્તમ્' ભણાવતા અને પ્રો. ગૌતમ પટેલ મહાકવિ કાલિદાસકૃત 'કુમારસંભવમ્' ભણાવતા હતા. તેમણે મહાકવિ કાલિદાસની અન્ય કૃતિઓને પણ સમજવા કોશિશ કરી. મહાકવિ કાલિદાસ સ્વયં એક દંતકથા હતા. તેમણે લખેલા એક બીજા મહાકાવ્ય 'શાકુન્તલમ્'નો પણ તેમણે અભ્યાસ કર્યો. મહાકવિ કાલિદાસ માટે કહેવાય છે કે, તેમણે 'શાકુન્તલમ્' લખ્યા પછી બીજું કાંઈ જ લખ્યું ન હોત તો પણ તેઓ મહાકવિ કહેવાત. 'ઉપમા કાલિદાસસ્ય' એ ઉક્તિ પણ કાલિદાસ માટે જાણીતી છે. મહાકવિ કાલિદાસની ઉપમાઓથી માંડીને તેમણે કરેલા સર્જનનો ભારે પ્રભાવ તેમનામાં જોવા મળે છે. સાહિત્ય અને લેખન પણ જીવનનું એક ક્ષેત્ર હોઈ શકે છે તેવું તેઓ માનવા લાગ્યા. પહેલાં મહાકવિ હોમર અને ત્યાર બાદ મહાકવિ કાલિદાસના સાહિત્યએ અજાણ્તાં જ તેમના દિલોદિમાગની ભીતર લેખન અને સાહિત્યનું બીજ રોપી દીધું હતું.

સેન્ટ ઝેવિયર્સ કૉલેજમાં ચાર વર્ષના અભ્યાસ દરમિયાન તેમના કેટલાક સહાધ્યાયી મિત્રોનો મુખ્ય વિષય અંગ્રેજી સાહિત્ય હતો. તેમાંના એક સહાધ્યાયી હતા હંસરાજ ડાભી. બીજા હતા પદ્મનાભ જોષી. ત્રીજા હતા અનિરુદ્ધસિંહ જાડેજા. આ બધા નવરાશના સમયે ભેગા થઈ કેન્ટિનમાં જતા અને શેક્સપિયર, કીટ્સ, બાયરન, શૈલી જેવા લેખકોની કૃતિઓની ચર્ચા કરતાં. કૉલેજના અભ્યાસ દરમિયાન સુપ્રસિદ્ધ અંગ્રેજી લેખકોની 'હોપકીન્સ મેન્યુસ્ક્રીપ્ટ' તથા 'અંકલ ટોમ્સ કેબિન' જેવી નવલકથાઓ ભણવામાં આવી. શેક્સપિયરનું નાટક 'એઝ યુ લાઈક ઈટ' પણ ભણવાનાં પાઠ્યપુસ્તકો પૈકીનું એક હતું.

અંગ્રેજી સાહિત્યના વિદ્યાર્થીઓ સાથે વારેવારે ચાના ટેબલ પર કે ફ્રૂટની લારી પર ચર્ચાઓ થતી. તેમાં એક લેખકે તેમના દિલોદિમાગ પર સૌથી વધુ અસર કરી તે લેખકનું નામ છે : 'સોફોકલીસ' અને

તેણે સોફોકલીસે લખેલી કૃતિનું નામ છે : 'ઇડિપસ.' 'ઇડિપસ' એ જેવી ટ્રેજેડી છે. આજ સુધી લખાઈ નથી. આ ટ્રેજેડી પણ યુનિવર્સિટીઓમાં ભણાવવામાં આવે છે. તે કરુણાંતિકા વિવાદાસ્પદ પણ છે, કારણ કે તેની કથામાં રાજા ભૂલથી તેના પિતાની હત્યા કરે છે અને ભૂલથી જ તેની સગી માતા સાથે લગ્ન કરી બાળકો પેદા કરે છે, પરંતુ તેને જ્યારે આ મહાપાપની ખબર પડે છે ત્યારે તે રાજપાટ છોડી જંગલમાં ચાલ્યો જાય છે અને પાપનું પ્રાયશ્ચિત કરવા તે જાતે જ પોતાની આંખના ડોળા કાઢી નાંખી સૂઝેલા પગે જંગલમાં ભટક્યા કરે છે. આ કથા એ પણ તેમને ભવિષ્યમાં કથાલેખક બનવા માટે વિચારબીજ પૂરું પાડ્યું. સોફોકલીસે લખેલી આ ટ્રેજેડીની કથા વાંચ્યા બાદ તેમણે વારેવારે કહ્યું છે કે, હું 'કભી કભી' જ્યારે જ્યારે લખું છું ત્યારે મને 'ઇડિપસ'ની કથા હંમેશાં યાદ આવે છે ત્રણેક હજાર વર્ષ પહેલાં લખાયેલી આ કથા વખતે એક માનવી ભૂલથી પાપ કરે છે. જ્યારે આજે એ પાપ માનવી જાણીબુઝીને કરે છે. એક પુત્ર સગી મા પર બળાત્કાર કરે છે ત્યારે એમને સોફોકલીસે લખેલી 'ઇડિપસ'ની કરુણાંતિકા યાદ આવે છે. તેથી જ તેઓ કહે છે કે, "માનવી હજારો વર્ષ પછી પણ ભીતરથી એવો ને એવો જ રહ્યો છે. અલબત્ત, પૌરાણિક માનવી આજના માનવી કરતાં ભીતરથી વધુ સભ્ય હતો.

૧૯૬૨થી ૧૯૬૬ દરમિયાન તેમણે સેન્ટ ઝેવિયર્સની હોસ્ટેલમાં જ રહીને અભ્યાસ કર્યો. શરૂઆતમાં હોસ્ટેલના હેકરર તરીકે ફાધર વાલેસ હતા. તે પછી ફાધર હેરેદેરો રેક્ટર તરીકે આવ્યા. તેઓ ફાધર વાલેસ અને ફાધર હેરેદેરોના પ્રિય વિદ્યાર્થી હતા. આ બંને ફાધર સ્પેનિશ હતા. તેમની સાથે અંગત ઘરોબાના કારણે તેમને સ્પેનિશ, ઇટાલિયન તથા બીજા યુરોપિયન દેશોની સંસ્કૃતિનો પરિચય નજીકથી થયો. સેન્ટ ઝેવિયર્સ કૉલેજમાં અભ્યાસ કરવાના કારણે જીસસ ક્રાઈસ્ટના જીવનને વધુ ઊંડાણથી સમજવા કોશિશ કરી. પત્રકાર તરીકેની કારકિર્દી શરૂ કર્યા બાદ તેઓ રોમ-ઇટાલી ગયા ત્યારે સેન્ટ પીટરના સુપ્રસિદ્ધ ચર્ચની બાજુમાં જ આવેલા 'કાસા ફ્રાન્સેસ્કા'માં ફાધર ડિસોઝાના મહેમાન બન્યા. એ વખતે ફાધર ડિસોઝા સેન્ટ ઝેવિયર્સ કૉલેજના આચાર્યપદેથી નિવૃત્ત થઈ રોમમાં સોસાયટી ઑફ જીસસની શૈક્ષણિક શાખાના વડા તરીકે સેવાઓ આપતા હતા. રોમ પહોંચેલા દેવેન્દ્ર પટેલ રોમ સહિત બીજા અનેક યુરોપિયન શહેરો પર બની રહેલી ડોક્યુમેન્ટરી ફિલ્મ માટેની સ્ક્રીપ્ટ લખી.

# પાકિસ્તાનની ભીતર જઈ સંશોધનાત્મક રિપોર્ટિંગ કર્યું



૧૯૬૨થી ૧૯૬૬ એ સેન્ટ ઝેવિયર્સ કૉલેજમાં અભ્યાસનો ગાળો હતો. મનોવિજ્ઞાનના વિષય સાથે બી.એ.ની ડિગ્રી હાંસલ કર્યા બાદ ગુજરાત યુનિવર્સિટીની સ્કૂલ ઑફ સાયકોલોજીમાં એમ.એ.નો અભ્યાસ શરૂ કર્યો. સાથે અમદાવાદની સર એલ. એ. શાહ લૉ કૉલેજમાં કાયદાશાસ્ત્રનો અભ્યાસ પણ શરૂ કર્યો.

દરમિયાન તેમણે કેન્દ્ર સરકારના ગૃહ વિભાગ દ્વારા યોજવામાં આવેલી સેન્ટ્રલ ઇન્ટેલિજન્સ બ્યૂરોની

સ્પર્ધાત્મક પરીક્ષામાં ભાગ લીધો.

સી.આઈ.બી.માં ઉમેદવારોની પસંદગીનું પરિણામ આવે તે પહેલાં તેમની નજર અકસ્માતે જ 'જનસત્તા' અખબાર પર પડી. તેમાં અમદાવાદમાંથી શરૂ થનાર અંગ્રેજી દૈનિક 'વેસ્ટર્ન ટાઈમ્સ' માટે તાલીમી પત્રકારો લેવાની જાહેરાત હતી. તેમણે અરજી કરી. 'વેસ્ટર્ન ટાઈમ્સ'ના તંત્રી રામુભાઈ પટેલે લેખિત અને મૌખિક ઇન્ટરવ્યૂ લીધો અને તરત જ તેમને તાલીમી પત્રકાર તરીકે પસંદ કરી લીધા. 'વેસ્ટર્ન ટાઈમ્સ' હજુ શરૂ થયું નહોતું. તેની ડમી કોપીઝ જ બહાર પડતી હતી. એ દરમિયાન સરદાર કોંગ્રેસ ભવનના પ્રાંગણમાં 'ગુજરાત સમાચાર'ના પત્રકાર ચંદ્રકાંત ઉપાધ્યાય સાથે તેમનો પરિચય થયો. તેમણે 'ગુજરાત સમાચાર'માં આવવા આમંત્રણ આપ્યું. તે વખતે સુપ્રસિદ્ધ સાહિત્યકાર જયવદન પટેલ 'ગુજરાત સમાચાર'ના ચીફ રિપોર્ટર હતા. 'ગુજરાત સમાચાર'ના તંત્રી શેઠ શ્રી શાંતિભાઈ શાહ અને જયવદન પટેલે પહેલી જ મુલાકાતમાં તેમને 'ગુજરાત સમાચાર'ના રિપોર્ટર તરીકે પસંદ કરી લીધા. ૧૯૬૭, જૂનમાં તેઓ 'ગુજરાત સમાચાર'માં જોડાયા. 'ગુજરાત સમાચાર'ના માલિક શેઠશ્રી શાંતિભાઈ શાહ, શેઠશ્રી શ્રેયાંસભાઈ શાહ તથા શેઠશ્રી બાહુબલિભાઈ શાહનો અપાર પ્રેમ તેમને સાંપડ્યો અને તેમની કારકિર્દીને ઊંચે લઈ જવામાં તેમનો જ ફાળો રહ્યો.



## ગુજરાત સમાચાર

શરૂઆતમાં તેમને અમદાવાદ શહેરમાં રોજેરોજના કાર્યક્રમોની નગર નોંધ અને અવસાન નોંધ લખવાનું સોંપવામાં આવ્યું. તે પછી યુનિવર્સિટી રિપોર્ટિંગનું કામ સોંપવામાં આવ્યું. તે દરમિયાન એ વખતના મુખ્યમંત્રી ચીમનભાઈ પટેલ સામે નવનિર્માણનું આંદોલન શરૂ થયું. આ આંદોલનનો આબેહૂબ ચિતાર વર્ણવી તેમણે એક કુશળ રિપોર્ટર તરીકે પોતાની જાતને બીજા પત્રકારો કરતાં સાવ અલગ સાબિત કરી દીધી. નવનિર્માણ આંદોલનના વિદ્યાર્થી આગેવાનો પણ તેમની ખાનગી સલાહ લઈ આંદોલનનો રાહ નક્કી કરતાં.

એ દરમિયાન 'ગુજરાત સમાચાર' અખબારે બુધવારે 'લોકજીવનનાં શતદલ'ના શીર્ષક હેઠળ પૂર્તિ શરૂ કરી. જયવદન પટેલે તેમને આ પૂર્તિ માટે લેખ લખવા કહ્યું. આ શહેરમાંથી લુપ્ત થતી 'ઘોડાગાડી' એ વિષય પર તેમણે એક લેખ લખ્યો જે તેમનો પ્રથમ લેખ હતો. સરળ ભાષા અને અસરકારક રજૂઆત

જોઈ જયવદન પટેલે તેમને અભિનંદન આપ્યા.

એક દિવસ તેમણે ફિઝિકલ રિસર્ચ લેબોરેટરીની મુલાકાત લીધી. આ સંસ્થાના ડાયરેક્ટર ડૉ. રામનાથન સાથેની વાતચીત દરમિયાન એક ચોંકાવનારી માહિતી મળી. એ વખતે મહારાષ્ટ્રમાં આવેલા કોયના ડેમ પાસે ધરતીકંપ થયો હતો. ડૉ. રામનાથને કહ્યું કે, ‘‘ગુજરાતમાં પણ આવું થઈ શકે છે. કારણ કે નર્મદા બંધ જ્યાં બની રહ્યો છે તેની નીચે ભૂતળમાં ફોલ્ટી ઝોન છે. નર્મદા બંધનું પાણી એ વિશાળ તિરાડમાંથી નીચે જાય અને વરાળ બની બહાર આવવા દબાણ કરે તો નર્મદા બંધની આસપાસ ગમે ત્યારે ભૂકંપ થઈ શકે છે.’’

આ સ્ટોરી તેમણે ચીફ રિપોર્ટરને સુપરત કરી. ‘ગુજરાત સમાચાર’ના એ વખતના તંત્રી શાંતિભાઈ શાહને આ સ્ટોરી ખૂબ જ ગમી ગઈ. તેમણે પહેલા પાને આ સ્ટોરી છાપી અને રાજ્ય સરકાર પણ ચોંકી ગઈ. એ વખતે બંધ હજુ બન્યો નહોતો, પરંતુ ફોલ્ટી ઝોન અંગે જે કાંઈ ટ્રીટમેન્ટ કરવી પડે તે કરવામાં આવશે તેવી જાહેરાત સરકારે કરવી પડી.

## પાકિસ્તાનમાં પ્રવેશ્યા



ત્યાર પછી તેમણે કદીયે પાછું વળીને જોયું નહીં. એક પછી એક એક્સક્લુઝિવ વૃત્તાંતો તેઓ લખતા ગયા. દરમિયાન પાકિસ્તાને ભારત પર હુમલો કર્યો. એ વખતના વડાં પ્રધાન શ્રીમતી ઈન્દિરા ગાંધીએ પાકિસ્તાનને જડબાતોડ જવાબ આપ્યો અને પાકિસ્તાનની હજારો કિલોમીટર જમીન પર ભારતીય લશ્કરે કબજો કરી લીધો. પાકિસ્તાન હારી ગયું. એ વખતના પાકિસ્તાનના વડા પ્રધાન ઝુલ્ફીકાર અલી ભુટ્ટો સિમલા આવ્યા. શ્રીમતી ઈન્દિરા ગાંધીને મળ્યા અને સિમલા કરાર હેઠળ ભારતે જીતી લીધેલો પ્રદેશ પાકિસ્તાનને પાછો આપી દેવા ઈન્દિરાજી સંમત થયાં, પરંતુ પાકિસ્તાનની ભૂમિ પાછી સોંપી દેવાય તે પહેલાં પાકિસ્તાનની ભીતર જઈ એની અંદરની હાલત જોવાનું ‘ગુજરાત સમાચારે’ નક્કી કર્યું. ‘ગુજરાત સમાચાર’નું સંચાલન હવે શ્રેયાંસભાઈ શાહે સંભાળી લીધું હતું. તેમણે આ મુશ્કેલ કામ યુવાન દેવેન્દ્ર પટેલને સોંપ્યું. તેઓ ફોટોગ્રાફર સનત ઝવેરીને લઈ જોધપુર ગયા. જોધપુરમાં ભારતીય લશ્કરનું એક હેડક્વાર્ટર હતું. લશ્કરે તેમને પાકિસ્તાનની ભીતર જવા પરવાનગી ના આપી, પરંતુ જરાયે નિરાશ થયા વગર તેઓ બાડમેર પહોંચ્યા. બાડમેરથી થોડેક દૂર જ પાકિસ્તાનની સરહદ હતી. તે માટે મુનાવાવ જવું પડે તેમ હતું. અહીંના લશ્કરી અધિકારીઓએ પણ તેમને પરવાનગી ના આપી. છતાંયે હિંમત હાર્યા વગર તેમણે એક તરકીબ વિચારી. એ વખતે જનસંઘના કેટલાક કાર્યકરો ભારતે જીતેલી જમીન પાકિસ્તાનને પાછી ના આપવા સત્યાગ્રહ કરતા હતા અને રોજ પાકિસ્તાનની ભૂમિમાં પ્રવેશી આંદોલન ચલાવતા હતા. દેવેન્દ્ર પટેલ જનસંઘના કાર્યાલયે ગયા. પોતે ગુજરાતથી આવેલા જનસંઘના કાર્યકર છે તેવી ઓળખ આપી પોતાની જાતને અને સનત ઝવેરીને સત્યાગ્રહી તરીકે સામેલ કરી દીધા. બીજા દિવસે તેઓ સત્યાગ્રહીના સ્વાંગમાં પાકિસ્તાનની ભૂમિમાં પ્રવેશ્યા. પાકિસ્તાનનાં ગામડાંના લોકોને મળ્યા. તસવીરો પણ લીધી, પરંતુ ભારતીય લશ્કરે તેમની ધરપકડ કરી અને બાડમેર લાવી બધા જ સત્યાગ્રહીઓને છોડી દીધા. ફોટોગ્રાફર સનત ઝવેરીના કેમેરામાંથી રોલ પાછો માંગી

લીધો અને કહ્યું કે, "તમારે આવું જોખમ લેવું ન જોઈએ. કારણ કે અમે પાકિસ્તાનના આ રણમાં ઠેરઠેર સુરંગો બીછાવેલી છે. ભૂલથીયે તેની પર તમારો પગ મૂકાઈ ગયો હોત તો ?"

ભારતીય લશ્કરની ઈન્ટેલિજન્સ બ્રાન્ચને ખબર હતી કે, સત્યાગ્રહીઓમાં દાખલ થયેલી બે વ્યક્તિઓ પત્રકાર અને તસવીરકાર છે. તેથી જ તેમણે પાકિસ્તાનની ભીતરની તસવીરોવાળો રોલ પાછો માંગી લીધો, પરંતુ આમ થવાનું છે તેની પહેલાંથી જ ખબર હોઈ પહેલાં એક રોલ કે જેમાં પણ પાકિસ્તાનની ભીતરની તસવીરો અગાઉ લઈ લીધી હતી તે કાઢીને દેવેન્દ્ર પટેલના ખિસ્સામાં મૂકી દીધો હતો. જ્યારે જે રોલ ભારતીય લશ્કરે કબજે કર્યો તે વધારાનો રોલ હતો. બાડમેર પહોંચ્યા બાદ એ રોલ અને વિસ્તૃત અહેવાલને જયપુર મોકલવામાં આવ્યો અને જયપુરથી વિમાન મારફતે દેવેન્દ્ર પટેલે લખેલો પાકિસ્તાનની ભીતરનો અહેવાલ તથા કેમેરા રોલ અમદાવાદ મોકલવામાં આવ્યા. બીજા દિવસે 'ગુજરાત સમાચાર' અખબારે બે પાનાં ભરી અહેવાલ અને તસવીરો પ્રગટ કર્યાં. ગુજરાતભરના વાચકોએ એક ગુજરાતી પત્રકાર અને તસવીરકારની હિંમતની પ્રશંસા કરી અને મન ભરીને વૃત્તાંત વાંચ્યો.

## દિલ્હી ગયા

ઘટનાસ્થળે જઈને કરવામાં આવતા ફિલ્ડ રિપોર્ટિંગનો વિકાસ તેમના સમયમાં જ થયો. ૧૯૮૨માં પહેલાં એશિયાડ રમતોત્સવ દિલ્હીમાં ખેલાયો. પૂરા દસ દિવસ સુધી તેઓ દિલ્હી રહ્યા અને રોજેરોજનું સુંદર રિપોર્ટિંગ કર્યું. મોરબીની રેલ હોનારત વખતે તેઓ અનેક જોખમો ઉઠાવીને ટ્રકમાં બેસી મોરબી ગયા અને રેલ હોનારતનું હૃદયદ્રાવક રિપોર્ટિંગ કર્યું. રિચાર્ડ એટનબરોએ 'ગાંધી' ફિલ્મનાં કેટલાંક સંવેદનશીલ દૃશ્યોનું ફિલ્માંકન દિલ્હીમાં કર્યું. તેના ખાસ કવરેજ માટે તેઓ દિલ્હી ગયા. ઈન્દિરા ગાંધીની હત્યા પછી તરત જ તેઓ દિલ્હી ગયા અને તેમની અંતિમક્રિયા સુધીની તમામ ઘટનાઓનું રિપોર્ટિંગ તેમણે દિલ્હીથી કર્યું. રાજીવ ગાંધીની હત્યાની ઘટના વખતે પણ તેઓ દિલ્હી ગયા અને આ તેમની અંતિમક્રિયા સુધીની તથા રાજીવ ગાંધીની હત્યાના પ્લોટની વિસ્તૃત કથા તેમણે ગુજરાતી વાચકો સુધી પહોંચાડી.

## ઈન્દિરા ગાંધી સાથે



શ્રીમતી ઈન્દિરા ગાંધી જ્યારે જ્યારે પણ ચૂંટણીપ્રચાર માટે ગુજરાત આવતાં ત્યારે ત્યારે તેમણે ઈન્દિરાજી સાથે જ તેમનીકારમાં બેસી રિપોર્ટિંગ કર્યું અને તેમના ઈન્ટરવ્યૂ પણ લીધા.

રાજીવ ગાંધી એક વખત અમદાવાદ આવ્યા ત્યારે 'ગુજરાત સમાચાર' પર પણ આવ્યા. પૂરી ૪૫ મિનિટ સુધી તેમણે કાગળ કે પેન હાથમાં લીધા વિના રાજીવ ગાંધી સાથે વાતો કરી અને તેનો વિસ્તૃત ઈન્ટરવ્યૂ લખી નાખ્યો.

એ પછી નરસિંહરાવ ભારતના વડા પ્રધાન તરીકે આવ્યા ત્યારે દેવેન્દ્ર પટેલે નરસિંહરાવ સાથે પણ ઓમાનનો પ્રવાસ કર્યો અને મસ્કત-ઓમાનની વડા પ્રધાનની મુલાકાતનો વિસ્તૃત અહેવાલ મોકલી

આપ્યો.

થોડા સમય માટે મોરારજી દેસાઈ ભારતના વડા પ્રધાન બન્યા ત્યારે પણ તેમણે એક વડા પ્રધાન તરીકે દેવેન્દ્ર પટેલને ઇન્ટરવ્યૂ આપ્યો. મોરારજીભાઈ સાથે તેમને અંગત ઘરોબો હતો. મોરારજી દેસાઈ સાથે કલાકો સુધી તેઓ વાતો કરતા. બાજુમાં કુ. મણિબહેન પટેલ પણ હોય.

### હાજી મસ્તાન



દેવેન્દ્ર પટેલ હાજી મસ્તાન સાથે

એક સમયે ભારતના આર વર્લ્ડના ડૉન તરીકે હાજી મસ્તાનના નામનો ડંકો હતો. રાજ કપૂર જેવા કલાકારો પણ ખાનગીમાં હાજી મસ્તાનના પગે પડતા હતા. દેવેન્દ્ર પટેલે મુંબઈ જઈ હાજી મસ્તાનના ઘરમાં જ ઈલાઈચીવાળી ચાની ચુસ્કી લેતાં લેતાં હાજી મસ્તાનનો ઇન્ટરવ્યૂ લીધો હતો. હાજી મસ્તાન એ જમાનામાં દેશનો મોટામાં મોટો દાણચોર હતો.

એ સમયે જયપુરમાં આવેલા જયગઢના કિલ્લામાં જયપુરના મહારાજાનો અબજોનો ખજાનો ક્યાંક છુપાવવામાં આવેલો છે તેવી વાત વહેતી થઈ હતી. દેવેન્દ્ર પટેલે જયપુર જઈ મહારાણી ગાયત્રીદેવીની પણ મુલાકાત લીધી અને જયગઢના ગુપ્ત ખજાનાની રસપ્રદ કથા લખી હતી.

આ ઉપરાંત અમેરિકાના ભારત ખાતેના રાજદૂત અને સુપ્રસિદ્ધ અર્થશાસ્ત્રી પ્રો. ગાલ બ્રેથનો પણ તેમણે ઇન્ટરવ્યૂ કર્યો. આર્થર સી. ક્લાર્કની પણ મુલાકાત લીધી. દલાઈ લામાની પણ મુલાકાત લઈ તેમની સાથેની વાતચીતનો અહેવાલ લખ્યો. સુપરસ્ટાર અમિતાભ બચ્ચન, એ સમયના પાર્શ્વગાયક કિશોર કુમાર, મોહંમદ રફીને તેઓ મળ્યા. અમિતાભ બચ્ચન અને સુપ્રસિદ્ધ એક્ટર રાજકુમારના પણ ઇન્ટરવ્યૂ કર્યા.

ચૂંટણીપ્રચાર માટે ગુજરાત આવેલા અટલબિહારી વાજપેયી સાથે પણ તેમણે પ્રવાસ ખેડ્યો. આચાર્ય કૃપલાણીની પણ તેમણે મુલાકાત લીધી. વી.પી. સિંહને પણ તેઓ મળ્યા. ગુજરાતના મુખ્યમંત્રી હિતેન્દ્રભાઈ દેસાઈ પછીના તમામ મુખ્યમંત્રીઓ સાથે તેમને નિકટની મૈત્રી રહી. અમરસિંહ ચૌધરીએ તેમને માહિતી નિયામક બનાવવાની ઑફર કરી, જે તેમણે નકારી કાઢી. શંકરસિંહ વાઘેલા મુખ્યમંત્રી બન્યા ત્યારે તેમણે પણ ગુજરાત પબ્લિક સર્વિસ કમિશનમાં ચૅરમૅન બનાવવાની ઑફર કરી, પરંતુ તેમણે સવિનય ઇનકાર કર્યો.

# 'મન સોનાનાં તન રૂપાનાં' અને 'બેબી' દ્વારા ફિક્શન-યાત્રા

જ્યારે જ્યારે ગુજરાતમાં આંદોલનો આવે ત્યારે ત્યારે તેમની કલમ ખીલી ઊઠતી. લાગણીશીલ સ્વભાવના કારણે તેઓ જલદી દ્રવિત થઈ જતા. પ્રજાને જ્યારે જ્યારે શાસકો તરફથી અન્યાય થતો કે જુલ્મો કરાતાં ત્યારે કોઈનીયે શેહશરમ રાખ્યા વિના અસરકારક ભાષામાં વૃત્તાંતો અને વિશ્લેષણ લખતા.

## વોહી રફ્તાર



૧૯૮૫ની સાલમાં બી. જે. મેડિકલ કૉલેજ દ્વારા અનામત વિરોધી આંદોલન શરૂ થયું. એ વખતે ગુજરાતમાં માધવસિંહ સોલંકી મુખ્યમંત્રી હતા. સરકાર અનામત આંદોલનને કચડી નાંખવા માંગતી હતી. પોલીસ લોકો પર જુલમ કરતી હતી. લાઠીચાર્જ કરતી હતી. ગોળીબાર કરતી હતી. એ જુલમના વિરોધમાં દેવેન્દ્ર પટેલે 'ગુજરાત સમાચાર'માં 'વોહી રફતાર' કૉલમ શરૂ કરી. જેમાં સરકારી તંત્રના જુલમો સામે પ્રજાની લાગણીનો પડઘો પાડ્યો. 'વોહી રફતાર' કૉલમ 'વૉઈસ ઑફ ગુજરાત' બની ગઈ. વાચકો રોજ સવારે કૉલમ વાંચવા અધીરા થઈ જતા. આ કૉલમે 'ગુજરાત સમાચાર'ને જબરદસ્ત લોકપ્રિયતા અપાવી. આ કટારમાં લખાયેલાં લખાણોથી ગુસ્સે ભરાયેલાં તત્ત્વોએ 'ગુજરાત સમાચાર' સળગાવ્યું, પરંતુ ૧૫ દિવસ પછી અખબાર ફરી શરૂ થયું. ત્યારે ફરી તેમણે લખ્યું : "આગમાં બળી ગયેલા અખબારની રાખમાંથી સ્યાહી બનાવી અમે ફરી કલમ ચલાવીશું." માધવસિંહની સરકાર દેવેન્દ્ર પટેલને પકડીને જેલમાં પૂરવા એક્શન પ્લાન બનાવી રહી હતી. તેમના પરિવારે પણ સરકાર પ્રેરિત અસામાજિક તત્ત્વોથી બચવા પંદર દિવસ ભૂગર્ભમાં ચાલ્યા જવું પડ્યું હતું, પરંતુ જેલમાં જવું પડે તે તેની પણ તૈયારી રાખીને તેમણે કલમ વધુ ધારદાર બનાવી અને થોડા જ દિવસમાં ગુજરાતની પ્રજામાં ફાટી નીકળેલા આક્રોશને પામી જઈને દિલ્હી હાઈ કમાન્ડે માધવસિંહ સોલંકીને મુખ્યમંત્રીપદ છોડી દેવા ફરજ પાડી હતી અને ગુજરાત માટે કાળરાત્રી જેવો સમય પૂરો થઈ ગયો, પરંતુ વાચકો આજે પણ તેમની 'વોહી રફતાર' શ્રેણીને યાદ કરે છે.

## ટૂંકી વાર્તાઓ

દેવેન્દ્ર પટેલે માત્ર સખત ભાષામાં જ કટારો લખી તેવું નથી. તેમણે ટૂંકી વાર્તાઓ અને નવલકથાઓ પર પણ હાથ અજમાવ્યો. વ્યવસાયે પત્રકાર હોવા છતાં ભીતરથી તેઓ સંવેદનશીલ સાહિત્યપિપાસુ છે. વિશ્વભરના સાહિત્યની તેમની પર અસર રહેલી છે. ઓ હેન્રી તેમના પ્રિય લેખક છે. દરેક ટૂંકી વાર્તાના અંતે એક ચમત્કૃતિ લાવવા માટે જાણીતા ઓ. હેન્રીની 'ધી લાસ્ટ લીફ' વાર્તાએ તેમની પર ભારે અસર કરી હતી. ધૂમકેતુની 'પોસ્ટ ઑફિસ' વાર્તાની ભીતર રહેલી બીજાના મનને પારખવાની ભાવના પણ તેમના દિલમાં પડેલી હતી. પન્નાલાલ પટેલની 'મળેલા જીવ' અને 'માનવીની ભવાઈ'નાં ગ્રામ્ય પાત્રોની ભીતર રહેલા છલોછલ પ્રેમનો તેમના હૃદય પર જબરદસ્ત પ્રભાવ હતો. તેઓ ખુદ ગામડાંમાંથી આવેલા હોઈ ખેતર, કૂવો, તળાવ, વગડો, આમ્ર વૃક્ષો, મેળો, પાળો અને પંચમહાલથી આવતાં ભલાંભોળાં પાત્રોથી સુપરિચિત હતા. ખેતરના માળા પર ચંદ્રમાના અજવાળે દૂર દૂરનાં બે પાત્રોના પાંગરતા પ્રેમ અને વિરહને તેમણે જોયાં હતાં. ફળિયામાં ખાટલો ઢાળી સૂતાં સૂતાં મોડી રાત સુધી ચાલતી ભજનમંડળીના એક તારાનાં ભજનો તેમણે સાંભળ્યાં હતાં. ગોકળ આઠમના દિવસે માથામાં તેલ નાંખી, ગળામાં રૂમાલ ભરાવીને વાત્રકના મેળે જતાં આદિવાસી ખેડૂતોને તેમણે જોયા હતા અને એ બધું જ ફરી તેમણે તેમની ટૂંકી વાર્તાઓમાં સજીવન કર્યું : 'ગુજરાત સમાચાર'ના 'શ્રી' નામના સ્ત્રી સાપ્તાહિકમાં કુમાર આનંદે તેમની પાસે પહેલી ટૂંકી વાર્તા લખાવરાવી. તેમની પ્રથમ ટૂંકી વાર્તાનું શીર્ષક હતું : 'સંગાથ' અને એ પછી દર અઠવાડિયે તેઓ 'શ્રી' માટે લખતા રહ્યા. તેમની આ શ્રેણી 'મન સોનાનાં, તન રૂપાનાં' એ નામથી અત્યંત લોકપ્રિય થઈ.

## નવલકથાઓ લખી

એ પછી 'ચિત્રલોક'ના સંપાદક શશિકાંત નાણાવટીએ તેમની પાસે પહેલી નવલકથા લખાવરાવી. આ નવલકથા 'ચિત્રલોક' નામના ફિલ્મી સાપ્તાહિકમાં પ્રગટ થવાની હોઈ તેનું શીર્ષક 'સજન રે જૂઠ મત બોલો' એવું રાખવામાં આવ્યું. આ નવલકથાને જબરદસ્ત વાચકવર્ગ મળ્યો, પરંતુ ફરી તેમને 'શ્રી' સાપ્તાહિક માટે નવલકથા લખવા આમંત્રણ મળ્યું. 'શ્રી' એ બહેનો માટેનું સાપ્તાહિક હોઈ પતિ-પત્ની અને અપર મા વચ્ચેના આંતરિક સંબંધો તથા સંઘર્ષની વચ્ચે અટવાતી એક મુગ્ધાની કથા લખવામાં આવી. તેનું શીર્ષક હતું : 'બેબી.' આ નવલકથાની પશ્ચાદ્ ભૂમિકા મનોવૈજ્ઞાનિક હતી. આવી નવલકથા ભાગ્યે જ ગુજરાતી ભાષામાં લખાઈ છે. 'બેબી' નવલકથાના કારણે દેવેન્દ્ર પટેલ એક નવલકથાકાર તરીકે જાણીતા બન્યા. પત્રકારત્વમાં અત્યંત વ્યસ્ત હોવા છતાં તેમણે નવલકથાઓ અને ટૂંકી વાર્તાઓ લખવાનું ચાલુ રાખ્યું. તેમણે લખેલી એક મનોવૈજ્ઞાનિક ટૂંકી વાર્તા પરથી 'ચાઈલ્ડ હસબન્ડ' નામનું નાટક તૈયાર થયું. દેવેન્દ્ર પટેલ તેમના સમય કરતાં ઘણા આગળ હતા. છતાં 'નેપથ્ય' દ્વારા સર્જિત આ નાટકના ૨૫થી વધુ શૉ અમદાવાદ અને મુંબઈમાં ભજવાયાં. નાટક વિવાદાસ્પદ પણ બન્યું અને લોકપ્રિય પણ બન્યું. આ નાટક ભજવાયાના ૨૫ વર્ષ બાદ આ નાટકની કથાના વિષય પર મીરાં નાયરે હિન્દી ફિલ્મ 'ફાયર' બનાવી. આવા વિષયની કલ્પના લેખકે ૨૫ વર્ષ અગાઉ કરી હતી.

## ફિલ્મ પણ લખી

દેવેન્દ્ર પટેલે માત્ર નાટક સુધી જ પોતાની જાતને સીમિત ના રાખી. તેમણે 'મિયાં ફુસકી ૦૦૭' નામની કોમેડી ફિલ્મ પણ લખી. 'મિયાં ફુસકી' આમ તો જીવરામ જોષીએ સર્જેલું પાત્ર છે, પરંતુ જીવરામ જોષીના આ પાત્રને ફિલ્મમાં ઢાળવા એક અલગ જ વાર્તા લખવી પડી. પાત્રનું નામ એનું એ જ રહેવા દઈ તેમણે નાનાં બાળકોથી માંડીને તેમનાં માતા-પિતાને પણ પસંદ પડે તેવી રમૂજી પણ સસ્પેન્સ કથા લખી. આ ફિલ્મની કથા અને પટકથા દેવેન્દ્ર પટેલે લખ્યાં અને ગુજરાતી ભાષામાં બનેલી આ ફિલ્મ પ્રથમ સપ્તાહમાં એક સાથે ૧૧ સિનેમા થિયેટરોમાં અમદાવાદ ખાતે રજૂ થઈ. તમામ શૉ હાઉસફૂલ રહ્યા. પૂરાં ૨૬ અઠવાડિયાં સુધી આ ફિલ્મ ચાલી. એ સમયે ગુજરાતનું એક પણ બાળક એવું નહોતું કે જેણે આ ફિલ્મ જોઈ ના હોય. ફિલ્મમાં મિયાં ફુસકીનું પાત્ર જહોની વૉકરે ભજવ્યું હતું. જ્યારે તેમની બીબીનો રોલ લીલી પટેલે ભજવ્યો હતો. ચિત્રનું દિગ્દર્શન એ સમયના સુપ્રસિદ્ધ દિગ્દર્શક મનહર રસકપૂરે કર્યું હતું. ગીતો અવિનાશ વ્યાસે લખ્યાં હતાં અને સંગીત ગૌરાંગ વ્યાસનું હતું, પરંતુ પત્રકારત્વમાં વ્યસ્તતાના કારણે ફિલ્મની સ્ક્રીપ્ટ લેખનને તેમણે વ્યવસાય ના બનાવ્યો. તેમણે ધાર્યું હોત તો મુંબઈ ફિલ્મજગત માટે અનેક ફિલ્મો લખી શક્યા હોત. મુંબઈનું એ. કે. નડિયાદવાળા પરિવાર, ખાસ કરીને ઈબ્રાહિમ નડિયાદવાળા તથા ગફારભાઈ નડિયાદવાળા જેવા પ્રથમ નંબરના નિર્માતાઓ તેમના અંગત મિત્રો હતા. એક્ટર આમિર ખાનના પિતા તાહિર હુસૈન પણ તેમના મિત્ર હતા.

## ટી.વી. સિરિયલ

તેમણે માત્ર ગુજરાતી ફિચર ફિલ્મ જ લખી એવું નથી. અમદાવાદ શહેરના એક જમાનાના સુપ્રસિદ્ધ વીડિયોગ્રાફર વિનયા વોરા માટે તેમણે 'યુરોપ-અમેરિકા' નામની ડોક્યુમેન્ટરી ફિલ્મની સ્ક્રીપ્ટ પણ લખી. આ ફિલ્મની સ્ક્કીપ્ટ લખવા તેમણે ૧૯૭૬માં બ્રિટન, ફ્રાન્સ, જર્મની, સ્વિત્ઝરલેન્ડ, ઇટાલી, બેલ્જિયમ તથા આખા અમેરિકાનો પ્રવાસ કર્યો. લોસ એન્જલસ ખાતે આવેલા

હૉલિવૂડના સુપ્રસિદ્ધ યુનિવર્સલ સ્ટુડિયોની પણ મુલાકાત લીધી. વિનય વોરાની આ ડોક્યુમેન્ટરી ફિલ્મ બે કલાક કરતાં પણ લાંબી હતી અને આખા ગુજરાતે તે માણી.

તેમણે લખેલી ટૂંકી વાર્તાઓ પરથી 'અંતરના એકાંત' નામની એક ટેલિવિઝન શ્રેણી પણ બની. પ્રાઈવેટ ચેનલોના આગમન પૂર્વે દૂરદર્શન પર આ શ્રેણીના ૨૬ એપિસોડ દર્શાવાયા. દરેક વાર્તા દેવેન્દ્ર પટેલે લખી હતી. તેની સ્ક્રીપ્ટ અને સંવાદો પણ તેમણે જ લખ્યા.

એ પછી 'સબ ' ટી.વી. માટે 'દિલ ચાહતા હૈ' નામની હિન્દી શ્રેણી પણ દેવેન્દ્ર પટેલની વાર્તા પરથી જ બની.

'ઝી' ગુજરાતી ચેનલે દેવેન્દ્ર પટેલની 'કભી કભી' શ્રેણીની કથાઓ પસંદ કરી ૫૦થી વધુ એપિસોડ ઝી ગુજરાતી પરથી પ્રસારિત કર્યા.

'કભી કભી' શ્રેણીમાં પ્રગટ થયેલી એક સત્યઘટના પરથી એક ગુજરાતી ફિલ્મ બની અને તે સુપરહિટ જતા તેનું કથા બીજ લઈ એક હિન્દી ફિલ્મ બની જેનું નામ : 'પરદેશ', પરંતુ દેવેન્દ્ર પટેલે તેની ક્રેડિટ લેવા કદી આગ્રહ કે પ્રયાસ પણ ના કર્યો.

# કભી કભી' સંવેદનશીલ કથાઓથી માંડીને 'ચીની કમ' સુધીની સફર





**ગુજરાત સમાચારના તંત્રી શ્રેયાંસભાઈ શાહ, દેવેન્દ્ર પટેલ અને એમ.ડી અને તંત્રી બાહુબલીભાઈ શાહ**

ગુજરાતી અખબારોમાં સામાન્ય રીતેરાજકારણીઓનાં નિવેદનો તથા પોલીસ દ્વારા પોલીસની ભાષામાં વર્ણવવામાં આવતી બીનાઓનું ચીલાચાલુ ભાષામાં રિપોર્ટિંગ થતું હતું. મુખ્યમંત્રીનું ભાષણ કવર કરવા રિપોર્ટરને મોકલવા જ પડે. મજૂર મહાજન સંઘના પ્રમુખ પત્રકારોને પોતાના પ્રાઈવેટ સેક્રેટરીની જેમ ડિક્ટેશન આપતા અને તે બોલે તે અખબારમાં છપાતું. દેવેન્દ્ર પટેલે તેમાં નવો જ ચીલો પાડ્યો. તેમણે રાજકારણીઓની જીવનશૈલીથી માંડીને તેમના ભીતરી રાજકારણની સ્ટોરીઝને પ્રાધાન્ય આપ્યું. અખબારોમાં તેઓ વિજ્ઞાનની કથાઓ પણ લાવ્યા. ૪૦ વર્ષ પહેલાં ઉપગ્રહ દ્વારા ટી.વી. પ્રસારણ થશે તે કોઈ કલ્પના પણ કરી શકતું નહોતું ત્યારે તેમણે આવનારા દિવસોમાં સેટેલાઈટ ટેક્નોલોજીની વાત સરળ ભાષામાં વાચકોને સમજાવી. તબીબી વિજ્ઞાનનાં સંશોધનોને પણ તેઓ અખબારોનાં પાને લઈ આવ્યા.

## કભી કભી



તેમણે મોટામાં મોટું કામ હ્યુમન ઇન્ટરેસ્ટની કથાઓને અખબારોમાં સમાચારોની વચ્ચે જ સ્થાન આપવાનું કર્યું. સમાજમાં બનતી ઘટનાઓને તેમણે ટૂંકી વાર્તાના સ્વરૂપે લખવાનું શરૂ કર્યું, જેના કારણે વાચકોનો રસ જળવાઈ રહે. દરેક સ્ટોરીના અંતે તેમાંથી એક સંદેશ રહેતો અને આ મેસેજ ગર્ભિત રહેતો. તેમાં સીધો ઉપદેશ અપાતો નહીં અને છતાંયે વાચક તેની આસપાસ બનેલી સામાજિક ઘટનાઓને એકી શ્વાસે વાંચી નાંખતો. આ સામાજિક ઘટનાઓની શ્રેણી 'કભી કભી'ના નામે પ્રગટ થઈ. 'કભી કભી' શ્રેણી એ હકીકતમાં બનેલી સત્ય ઘટનાઓ હોવા છતાં તેમાં સાહિત્યનો સ્પર્શ રહ્યો. ભાષા પ્રવાહી રહી. 'કભી કભી'એ ગુજરાતના લાખો વાચકોને વિચારતા કરી મૂક્યા છે. લોકોને સમાજની બુરાઈઓ પ્રત્યે જાગૃત કર્યા છે અને કેટલીયે હિઝરાતી સ્ત્રીઓને ન્યાય પણ અપાવ્યો છે. છેલ્લાં ૨૫ વર્ષથી પહેલાં 'ગુજરાત સમાચાર'માં અને હવે 'સંદેશ'માં કોઈ પણ જાતના બ્રેક વગર 'કભી કભી' કૉલમ પ્રગટ થતી રહી છે. અત્યાર સુધીમાં ૫૦૦ જેટલી સત્ય ઘટનાઓ 'કભી કભી' શ્રેણી હેઠળ પ્રગટ થઈ છે. 'કભી કભી'ની કેટલીક ઘટનાઓની નોંધ લઈને 'ગુજરાત હાઈકોર્ટે' સુઓમોટો કેસ દાખલ કરી ગુનેગારો સામે પગલાં લેવાની સરકારને ફરજ પાડી છે.

આ સંદર્ભને એક કિસ્સો નોંધપાત્ર છે. ભાવનગર જિલ્લાના દડવા નામના એક નાનકડા ગામના પૂજારીની યુવાન પત્ની નીતા ગોસ્વામી પર ગામના કેટલાક બદમાશોએ સામૂહિક બળાત્કાર કર્યો હતો. તે પછી નીતા ગોસ્વામીનું ઘર અને દુકાન પણ સળગાવી દીધાં હતાં. પતિ-પત્નીને ગામમાંથી હિઝરત કરી દેવા ફરજ પાડી હતી. પોલીસે તેમની ફરિયાદ લેવા ઇનકાર કરી દીધો અને પતિ-પત્ની અમદાવાદ આવી કાંકરિયામાં આપઘાત કરવા વિચારી રહ્યાં હતાં, પરંતુ એમ કરતાં પહેલાં તેઓ 'ગુજરાત સમાચાર' પર આવ્યાં. દેવેન્દ્ર પટેલે તેમની વાત સાંભળી આખીયે ઘટના અસરકારક ભાષામાં 'કભી કભી'માં પ્રગટ કરી. બીજા જ દિવસે ગુજરાત હાઈકોર્ટે 'કભી કભી'ના અહેવાલને જ અરજી સમજી લઈ સુઓમોટો અરજી દાખલ કરી અને સરકારને નોટિસ આપી. ગુજરાત સરકારે ૨૪ કલાકમાં એક ડઝનથી વધુ ગુનેગારોને પકડીને જેલભેગા કરી દીધા અને તે પછી નીતા ગોસ્વામી એ જ ગામમાં સરપંચ બન્યાં.

'કભી કભી' અને દેવેન્દ્ર પટેલ એકબીજાના પર્યાય બની ગયા છે. ગુજરાતી અખબારોમાં સૌથી વધુ



વેચાતા કૉલમોની કક્ષામાં તેનું સ્થાન ટોચ પર છે. બીજા અનેક લેખકોએ 'કભી કભી'ની નકલ કરવાનો પ્રયાસ કર્યો, પરંતુ બધા જ નિષ્ફળ ગયા. 'કભી કભી'ની સફળતા અને લોકપ્રિયતાનું કારણ આપતા તેઓ કહે છે : ''અઘરું લખવું સરળ છે, પરંતુ સરળ લખવું અઘરું છે. 'કભી કભી' લખવા માટે સંવેદનશીલ હૃદય જોઈએ. ક્લેરિટી ઑફ માઈન્ડ જોઈએ. વાચકોના રસનું જ્ઞાન જોઈએ. ભાષામાં પ્રવાહિતા જોઈએ અને વાચકોનો રસ જળવાઈ રહે માટે શૃંગાર રસ પણ જોઈએ. નાજુક વિષય પર લખતી વખતે  શૃંગાર રસ અને બીભત્સતા વચ્ચેની પાતળી ભેદરેખાનું જ્ઞાન જોઈએ. ઘટના સાથે સંકળાયેલું રહસ્ય છેલ્લે જ  ખૂલે તેવી ક્રાફ્ટમેનશિપ જોઈએ. ક્યારેક ચમત્કૃતિ પણ હોવી જોઈએ. વાચકોને વિચારતા કરી મૂકે તેવો દૃષ્ટિકોણ જોઈએ- અને આ બધાનો સરવાળો એટલે જ 'કભી કભી'.''

## ગલ્ફવૉર

આ બધાં પૈકી તેમનાં બે પુસ્તકો 'ગલ્ફ વૉર' અને 'સદ્દામ હુસૈન' ગુજરાતી ભાષામાં એક નવી જ મિસાલ છે. આ બંને પુસ્તકો ઈરાક પર અમેરિકાએ કરેલા યુદ્ધ સંબંધી છે. પહેલાં સિનિયર બુશે અને તે પછી જુનિયર બુશે એમ બે વાર ઈરાક સાથે અમેરિકા અને સાથી દળોએ યુદ્ધ કર્યું. આ યુદ્ધની રાજનીતિથી માંડીને તે માટે વપરાયેલાં અદ્યતન શસ્ત્રો તથા સરમુખત્યાર સદ્દામ હુસૈન અને તેના પરિવારના ભેદભરમની વાતો પણ તેમાં છે. એક પત્રકારની કલમે લખાયેલાં આ પુસ્તકો ગુજરાતી પત્રકાર જગત માટે સીમાચિહ્ન બની રહ્યાં. યુદ્ધ, વ્યૂહરચના અને કૂટનીતિ પર ભાગ્યે જ આવું લખાયું છે.

## ઉત્કૃષ્ઠ વક્તા

દેવેન્દ્ર પટેલ માત્ર ઉત્તમ લેખક જ નહીં, પરંતુ સારા વક્તા પણ છે. તેમના પ્રવચનમાં સહજતા સવિશેષ છે. તેઓ ધર્મથી માંડીને વિજ્ઞાન અને શિક્ષણથી માંડીને રાજકારણ પર સુંદર પ્રવચન કરી શકે છે. તેઓ ગુજરાતના તમામ પ્રમુખ શહેરો ઉપરાંત લંડન અને મુંબઈમાં પણ અનેક વાર પ્રવચનો આપી આવ્યા છે.

ઈ.સ. ૨૦૦૨ના મે માસમાં લંડનમાં વેમ્બલી ખાતે તેમનાં પુસ્તકોનું વિમોચન પણ યોજાયું હતું. આ પુસ્તકો લંડનના મેયર બર્થા જોસેફ, લંડનના પૂર્વ મેયર લતા પટેલ, બ્રિટનની પાર્લામેન્ટના સભ્યો,

પ્રિયા કાબરા, નવનીત ધોળકિયા, બેરી ગાર્ડનાર તથા ઈંગ્લેન્ડનાં મહારાણી ક્વીન એલિઝાબેથના ખાસ પ્રતિનિધિ પણ હાજર રહ્યાં છે. દેવેન્દ્ર પટેલનાં પુસ્તકોને લંડનમાં આવેલી બ્રિટીશ પાર્લામેન્ટની લાયબ્રેરીમાં પણ સ્થાન મળ્યું છે.

બ્રિટન, ફ્રાન્સ, જર્મની, ઇટાલી, બેલ્જિયમ, સ્વિત્ઝરલેન્ડ, નેધરલેન્ડ અને અમેરિકા ઉપરાંત ઓમાન, સિંગાપોર, મલેશિયા અને ઑસ્ટ્રેલિયાનો પણ તેઓ અનેક વાર પ્રવાસ ખેડી ચૂક્યા છે.

## 'સંદેશ'માં જોડાયા

ડિસેમ્બર, ૨૦૦૭માં તેઓ 'સંદેશ'માં તંત્રીના સલાહકાર અને કટાર લેખક તરીકે જોડાયા અને ટૂંક સમયમાં જ તેઓ 'સંદેશ' પરિવારના સભ્ય બની ગયા. 'સંદેશ'ના તંત્રી ફાલ્ગુનભાઈ પટેલ અને



મેનેજિંગ ડિરેક્ટર પાર્થિવભાઈ પટેલ તરફથી ભરપૂર પ્રેમ અને લાગણી તેમને પ્રાપ્ત થયાં. 'સંદેશ'માં કેટલાંક નમૂનેદાર વૃત્તાંતો પણ લખ્યાં. ગુજરાતમાં ભાજપાનો જ્વલંત વિજય થયો ત્યારે તેમણે 'મિસ્ટરીઝ ઑફ મોદી' શ્રેણી લખી. તા. ૧લી એપ્રિલ માટે તેમણે નરેન્દ્ર મોદીનાં વિદેશ યુવતી સાથેનાં લગ્નનો એપ્રિલફૂલ વૃત્તાંત લખ્યો અને આખા ગુજરાતે તે અહેવાલ રમૂજ સાથે માણ્યો.

## ચીની કમ

'કભી કભી'એ ગુજરાતી અખબારોને વાંચનપ્રિય બનાવ્યું છે. તો 'સંદેશ'માં દર અઠવાડિયે એક દિવસ આવતી 'ચીની કમ' નામની તેમની કૉલમે વાચકોને વિચારતા કરી દીધા છે. 'ચીની કમ' એ સંદેશની સૌથી વધુ લોકપ્રિય કૉલમ છે. આ કૉલમ દ્વારા તેમણે વિવિધ ઘટનાઓ અંગે પ્રજાના દિલનો પડઘો પાડ્યો છે. ૨૦૦૯થી 'સંદેશ'માં શરૂ થયેલી તેમની આ કટારને સૌથી વધુ વાચકો મળ્યા છે. તેમાં ભ્રષ્ટ રાજકારણીઓ, વ્યભિચારી સાધુબાવાઓ, તબીબના વેશમાં માફિયાઓ, કરોડો રૂપિયાની ખાયકી કરતાં અધિકારીઓ અને સફેદ ઠગોને ખુલ્લા પાડવામાં આવ્યા છે. 'કભી કભી'ના જ સંવેદનશીલ લેખકની ઊર્મિશીલ કલમ અહીં તેજાબી બની જાય છે. 'કભી કભી' લોકોના હૃદયને હચમચાવી દે છે તો ક્યારેક રડાવી દે છે, પણ એ જ લેખક અહીં 'ચીની કમ' દ્વારા લોકોની આંખ ઉઘાડી નાંખે છે. સત્યનો પર્દાફાશ કરતી આ કૉલમ લેખકની એક બીજી જ બાજુને પ્રદર્શિત કરે છે. 'ચીની કમ' એક પ્રકારે અખબારના 'અવાજ'ની જ રજૂઆત છે. 'ચીની કમ'માં તેમણે કેટલાક કાલ્પનિક

એપિસોડ લખી ગાંધીજી, જવાહરલાલ, સરદારને જીવતા કર્યા છે અને તેમને નરેન્દ્ર મોદી સાથેની મુલાકાતોના કાલ્પનિક એપિસોડ લખી લોકોને હસાવ્યા પણ છે.

### રેડ રોઝ

આ સિવાય દેવેન્દ્ર પટેલે 'સંદેશ'માં રવિવારની પૂર્તિના પ્રથમ પાને 'રેડ રોઝ' પણ શરૂ કરી. રેડ રોઝ એટલે લાલ રંગનું ગુલાબ. ગુલાબ જ્યારે રાતું બની જાય છે ત્યારે તે વધુ ચિત્તાકર્ષક બની જાય છે. તેમાં છૂપી ચેતવણીનો સૂર પણ હોય છે. આ કટાર દ્વારા તેઓ દેશ અને દુનિયામાં બનતી ઘટનાઓની રસપ્રદ માહિતી અને પૃથ્થક્કરણ આપે છે. પછી તેમાં ચીન પાકિસ્તાન માટે ગદાર નામનું બંદર બનાવી આપતું હોય કે પછી ભારતને હડપ કરી લેવાના ગુપ્ત પ્લાન્સ તૈયાર કરતું હોય. ગાયત્રી દેવીનો અબજોનો ખજાનો અને તેની કાનૂની લડાઈની વાત હોય કે પછી જોર્ડનની રાણી આટલી લોકપ્રિય કેમ તેની વાત હોય. બેનઝીર જેવી જ, પણ બેનઝીરની વિરોધી તેની ભત્રીજી ફાતિમા ભુટ્ટોની વાત હોય કે પછી ભારતનાં ૧૪,૦૦૦ ગામોમાં પ્રસરી ગયેલા માઓવાદની વાત હોય. આવા વિષયો પર રસપ્રચૂર સામગ્રી તેઓ 'રેડ રોઝ'માં પીરસે છે. 'રેડ રોઝ' દ્વારા તેમણે બુદ્ધિજીવી વાચકોને આકર્ષ્યા છે.

### મહાજાતિ પાટીદાર

'સંદેશ'માં જોડાયા બાદ પણ તેમણે સંશોધનાત્મક પત્રકારત્વ ચાલુ રાખ્યું. ૨૦૧૦ની સાલમાં ઊંઝા ખાતે ઊમિયા માતાજીના મહોત્સવ વખતે દેશ-વિદેશના ૪૦ થી ૫૦ લાખ પાટીદારો એક થયા, પરંતુ અગાઉથી આયોજન કરીને તેમણે પાટીદારોના ઉદ્‌ભવ અને આગમનથી માંડીને વર્તમાન સુધીનો ઈતિહાસ 'સંદેશ'માં એક શ્રેણી સ્વરૂપે લખ્યો. આ શ્રેણીએ ગુજરાતભરમાં જબરદસ્ત આકર્ષણ જમાવ્યું. ઊમિયા મહોત્સવના આયોજકોએ પણ કબૂલ ર્યું કે, દેવેન્દ્ર પટેલ લખેલી શ્રેણીથી મહોત્સવને ભારે લોકચાહના મળી. આ શ્રેણી 'મહાજાતિ પાટીદાર' પુસ્તકના નામે પ્રગટ થઈ અને પુસ્તકને પણ જબરદસ્ત આવકાર મળ્યો.

### અમદાવાદ-600

તે પછી અમદાવાદ શહેરને ૬૦૦ વર્ષ પૂરાં થતાં હોઈ અમદાવાદ શહેરનો જન્મોત્સવ ઉજવાયો. તેમાં પણ અગાઉથી આયોજન કરી તેમણે 'સલામ શહેરે અમદાવાદ' શીર્ષક હેઠળ ફરી એક શ્રેણી 'સંદેશ' માટે લખી. આખા ગુજરાતે અમદાવાદનો રસપ્રદ ઈતિહાસ વાંચ્યો. આ શ્રેણી પણ



**લંડનમાં સન્માન પ્રસંગે લંડનના મેયર બર્થા જોસેફ અને પૂર્વ મેયર લત્તા પટેલ**

'અમદાવાદ-600'ના નામે પુસ્તકરૂપે પ્રગટ થઈ.

**એવોર્ડ્સ**

ગુજરાત રાજ્ય સાહિત્ય અકાદમી તરફથી 'ઈઝરાયેલ : ધી લેન્ડ ઑફ ધી બાઈબલ' માટે 'શ્રેષ્ઠ પુસ્તક'નો ઍવૉર્ડ અપાયો.

૨૦૦૯માં 'ઝી' ગુજરાતી પરથી પ્રસારિત થયેલી 'કભી કભી' શ્રેણી માટે ટ્રાન્સ મીડિયા, મુંબઈ તરફથી 'શ્રેષ્ઠ લેખક'નો ઍવૉર્ડ એનાયત થયો.

# પ્રજા માટે પત્રકારત્વને તેમણે 'મિશન' બનાવ્યું



**નવભારત સાહિત્ય મંદિર દ્વારા પ્રકાશિત દેવેન્દ્ર પટેલના પાંચ પુસ્તકોના લોકાર્પણ પ્રસંગે સુપ્રસિધ્ધ નવલકથાકાર અશ્વિની ભટ્ટ, શ્રીમતી સોનિયા ગાંધીના રાજકીય સલાહકાર એહમદ પટેલ, ગુજરાતના નામદાર રાજ્યપાલ ડૉ.શ્રીમતી કમલાજી, સંદેશના મેનેજીંગ ડિરેકટર પાર્થિવ પટેલ, દેવેન્દ્ર પટેલ અને નવભારત સાહિત્યમંદિરના શ્રી મહેન્દ્રભાઈ શાહ**

દેવેન્દ્ર પટેલ એક વર્સેટાઈલ પર્સનાલિટી છે. તેઓ પત્રકાર, લેખક, સમીક્ષક, સંશોધક અને ઈતિહાસકાર પણ છે. ટૂંકી વાર્તાઓ અને નવલકથાથી માંડીને ફિલ્મની સ્ક્રીપ્ટ લખનાર આ લેખકે એકી શ્વાસે વાંચી જવી પડે તેવી સત્ય ઘટનાઓ પણ લખી છે અને 'ચીની કમ'ના કાલ્પનિક એપિસોડ દ્વારા લોકોને હસાવ્યા પણ છે.

પરંતુ આ બધું હોવા છતાં તેમણે જે કાંઈ લખ્યું તે બહારથી મનોરંજક લાગે, પરંતુ ભીતરથી તેમાંથી કોઈ ને કોઈ સંદેશ સમાજને આપ્યો છે. તેઓ એક પ્રોફેશનલ જર્નાલિસ્ટ હોવા છતાં છેલ્લા ચાર દાયકાથી શબ્દયાત્રા દ્વારા પત્રકારત્વને તેમણે એક મિશન પણ બનાવી દીધું છે. પત્રકારત્વ દ્વારા તેમણે સમાજને કાંઈ ને કાંઈ આપ્યું જ છે. તેમણે સમાજ સુધારક હોવાનો દાવો કદી કર્યો નથી, પરંતુ તેમણે જે કાંઈ લખ્યું તેની સમાજ પર જબરદસ્ત અસરો વર્તાઈ છે. આજથી ૪૦ વર્ષ પહેલાં અમેરિકાથી ગ્રીનકાર્ડ ધરાવતો કોઈ યુવાન આવી અખબારોમાં 'ગ્રીનકાર્ડ ધરાવનાર યુવાન માટે કન્યા જોઈએ છે' તેવી

જાહેરાતો આપતો અને ગુજરાતની સારામાં સારી યુવતીને પરણીને અમેરિકા લઈ જતો. ગુજરાતની છોકરી અમેરિકા જાય ત્યારે જ તેને ખબર પડતી કે, છોકરો ક્યાં તો ફાલતું નોકરી કરે છે અથવા તો તેણે આપેલાં ક્વૉલિફિકેશન્સ સાવ બોગસ છે. આ રીતે અનેક છોકરીઓ ફસાતી હતી. કેટલાંયે ગ્રીનકાર્ડ હોલ્ડર્સ દ્વારા કરાતી આ છેતરપિંડી સામે તેમણે સત્યઘટનાઓ દ્વારા જાગૃતિ આણી અને તે પછી ગુજરાતની છોકરીઓ અને તેમનાં વાલીઓ પણ ગ્રીનકાર્ડ ધરાવતા યુવકોની ચકાસણી કરતાં થઈ ગયાં. પરિણામે છેતરપિંડી પણ બંધ થઈ ગઈ.

આ ઉપરાંત ઘરઆંગણે પણ પતિ અથવા સાસરિયાંઓના ત્રાસનો ભોગ બનેલી યુવતીઓ પણ તેમની પાસે તેમનાં દુ:ખદર્દ લઈને આવવા માંડી. કચેરીમાં વિભાગીય વડા દ્વારા નોકરી કરતી બેસહારા યુવતીઓના જાતીય શોષણનો ભોગ બનેલી યુવતીઓ પણ તેમની પાસે આવવા લાગી. પતિ ગુજરી જતાં બાળકોનો ઉછેર પણ ના કરી શકે કે તેમને ભણાવી પણ ના શકે તેવી મધ્યમવર્ગની વિધવા સ્ત્રીઓ પણ તેમની પાસે આવવા લાગી. એ બધાની વેદનાઓ તેમણે શબ્દબદ્ધ કરી પ્રગટ કરી. દરેકને ન્યાય મળ્યો. નાણાકીય સહાય કરવા પણ લોકો આગળ આવ્યા.


નામદાર આગાહખાન સાથે

**રઝિયા**

એમાંયે રઝિયા નામની એક મુસ્લિમ કન્યાનો કિસ્સો નોંધનીય છે. રઝિયા વડોદરાની એક કોન્વેન્ટ સ્કૂલમાં ભણતી હતી. એક મોટર મિકેનિક તેના પ્રેમમાં પડી ગયો હતો. રઝિયાએ એ અભણ મિકેનિકને દૂર રહેવાનું કહેતાં તેણે રઝિયા સાથે વેર વાળવા એક દિવસ રઝિયા પર એસિડ ફેંક્યો. રઝિયા અત્યંત રૂપાળી હતી, પણ તેના ચહેરા પર એસિડ ફેંકાતાં તે સાવ કદરૂપી થઈ ગઈ. એટલું જ નહીં, પરંતુ તે આંધળી પણ થઈ ગઈ. આ આખીયે ઘટના તેમના ધ્યાન પર આવી. દેવેન્દ્ર પટેલે 'મારે રૂપ નહીં, રોશની જોઈએ છે'- એવા શીર્ષક હેઠળ આખીયે સ્ટોરી 'ગુજરાત સમાચાર'માં પ્રગટ કરી અને આખા ગુજરાતમાં રઝિયા માટે સહાનુભૂતિનું મોજું ફરી વળ્યું. રઝિયાની આંખનું ઑપરેશન કરાવવા પૈસાની મદદ કરવા અપીલ કરવામાં આવી હતી. જે દિવસે આ વૃત્તાંત પ્રગટ થયો તે દિવસે સવારથી જ સેંકડો માણસો રોકડ રકમ અને ચેક લઈ આવી પહોંચ્યા. મદદ માટે લાંબી કતારો લાગી. કલાકો સુધી લોકો લાઈનમાં ઊભા રહ્યા. ચેક ગણવા માટે એકાઉન્ટ સેક્શનના માણસોનો કાફલો કામે લગાડવો પડ્યો. કારણ કે મદદ કરવા આવવાવાળા નાનામાં નાના માણસો ૫૦ કે ૧૦૦ રૂપિયાની મદદનો ચેક લઈને આવેલા પણ હતા. તે પછી રઝિયાને આંખની શસ્ત્રક્રિયા માટે લંડન મોકલવામાં આવી. અલબત્ત, તેની આંખને છેક ઊંડે સુધી નુકસાન થયું હોવાથી ડૉક્ટરો તેને દૃષ્ટિ આપી શક્યા નહીં.

આવી રીતે થેલેસેમિયા કે હાર્ટમાં છીદ્ર ધરાવતાં ગરીબ પરિવારનાં બાળકોની કથા લઈને કેટલાંયે પરિવારો તેમની પાસે આવ્યાં. તે બધાંની જ કથાઓ તેમણે લખી અને એ સૌ કોઈ પરિવારોને લોકોએ પુષ્કળ આર્થિક મદદ કરી.

તમાકુ અને ગુટકા ખાવાની ટેવ ધરાવતાં અને કેન્સરનો ભોગ બનેલા યુવકોની હૃદયદ્રાવક કથાઓ તેમણે લખી. એક પિતાએ તેના કેન્સરગ્રસ્ત પુત્રના ગળામાં કીડા ખદબદતા જોયા અને તે દુ:ખ સહન

ના થતાં પિતાએ ભગવાનને પ્રાર્થના કરી કે, ''હે ભગવાન, તું મારા પુત્રને જલદીથી લઈ લે. મારાથી મારા દીકરાની આ દશા જોઈ શકાતી નથી.'' આ કથા વાંચ્યા બાદ આખો સમાજ હલી ગયો. અને તમાકુ-ગુટકા સામે એક જાગૃતિ લાવવાનું કામ તેમણે કર્યું.



અમેરિકાના સ્વામિનારાયણ મંદિરમાં સન્માન વખતે શ્રી પુરૂષોત્તમપ્રિય સ્વામી સાથે

**પ્રતિભાઓને બહાર લાવ્યા**

કેનેડામાંથી કરોડોની આવક છોડીને અમદાવાદ આવેલા ઓલિયા જેવા કિડની ઇન્સ્ટિટ્યૂટના ડાયરેક્ટર ડૉ. એચ. એલ. ત્રિવેદી માટે પણ તેમણે લખ્યું અને સમાજમાં પડેલા આવા માનવતાવાદી તબીબો તથા પ્રતિભાઓની સેવાઓ તેમણે બિરદાવી.

અમદાવાદ શહેરનો ઇતિહાસ લખતી વખતે તેમણે ખૂણેખાંચરે પડેલ નાટ્ય કલાકારો, સ્થપતિ અને પેઈન્ટરો માટે પણ લખ્યું. સમાજમાં પડેલાં છૂપાં રત્નોને તેઓ બહાર લાવ્યા. સમાજ જેમને ઓળખતો જ નહોતા એવા ચીંથરે વીંટેલાં નાનાં રત્નોને પણ તેમણે ચમકાવ્યાં.

અમદાવાદ શહેરે આપેલા શ્રેષ્ઠ શિક્ષકો અને શ્રેષ્ઠ અધ્યાપકો માટે પણ તેમણે લખ્યું. એસ. વી. દેસાઈ જેવા આચાર્યોથી માંડીને ઇન્દુલાલ યાજ્ઞિક માટે પણ તેમણે લખ્યું. નવી પેઢી જેમને ભૂલી ગઈ છે તેવા જ્ઞાનપીઠ ઍવૉર્ડ વિજેતા પન્નાલાલ પટેલને તેમણે યાદ કરી પન્નાલાલની શબ્દસફર રજૂ કરી. કિશોરકુમાર, દિલીપકુમાર અને લતા મંગેશકર પણ જેમનાં ફેન હતાં તેવા ગુજરાતના પ્રથમ મિમિક્રી કલાકાર કાંતિ પટેલને પણ તેમણે યાદ કરી તેમની કળાઓને બિરદાવી. આફ્રિકાના કેટલાક દેશોના નેતાઓના મહેલો માટે ચિત્રો દોરનાર પેઈન્ટર બાબુલાલ સોનીને અમદાવાદની આમજનતા ઓળખતી નહોતી. દેવેન્દ્ર પટેલે બાબુલાલ સોની માટે લખ્યું ત્યારે એ કલાકારને પદ્મશ્રીનો ઍવૉર્ડ મળ્યો હોય એટલો આનંદ થયો.

**સરદાર અને મણિબહેન**

નવી પેઢીના પત્રકારો સરદાર સાહેબ કે મણિબેનને ભાગ્યે જ યાદ કરે છે. દેશનાં ૫૦૦ રાજા-રજવાડાંઓને નમાવી દેનાર સરદાર સાહેબ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના પ્રથમ પ્રમુખ હતા. સરદાર સાહેબની અમદાવાદ શહેર માટેની સેવાઓ શહેરની પ્રજા જાણતી જ નહોતી. દેવેન્દ્ર પટેલે શહેરની પ્રજાને સરદાર સાહેબના જીવનની અદ્‌ભુત વાતોથી ઉજાગર કર્યા.

એ જ રીતે પિતા માટે આજીવન કુંવારા રહેનાર કુ. મણિબેન પાસે બે જોડી લૂગડાંથી વધુ કાંઈ જ નહોતું. મણિબેનની સાદગી વિશેની વાતો લખી તેમણે નવી પેઢીને મણિબેનના વ્યક્તિત્વથી પરિચિત કરાવી.

આજે ગુજરાતનો જે વિકાસ છે તે ગુજરાતના પ્રથમ મુખ્યમંત્રી ડૉ. જીવરાજ મહેતાએ શરૂ કરેલી નીતિઓનું પરિણામ છે. ગુજરાત સ્વર્ણિમ જયંતી ઊજવી રહ્યું હતું ત્યારે ભૂલાઈ ગયેલા ડૉ. જીવરાજ મહેતાને તેમણે શબ્દો દ્વારા ફરી સજીવન કર્યા.

ઢેબરભાઈનું સૌરાષ્ટ્રના પ્રથમ મુખ્યમંત્રી હતા. તેઓ ઝૂંપડા જેવા એક મકાનમાં રહી વહીવટ ચલાવતા હતા. તેમના બાથરૂમમાં નળ પણ નહોતો. દેવેન્દ્ર પટેલે ઢેબરભાઈની સાદગીની કથા લખી,



આજના રાજકારણીઓને પણ તેમને અનુસરવા પ્રેરણા આપી.

નર્મદા યોજનાના જબરદસ્ત હિમાયતી એવા ભાઈકાકા અને સરપંચથી શરૂ કરીને દેશના નાણામંત્રી બનેલા એચ. એમ. પટેલ વિશે પણ લખ્યું અને નવી પેઢીને પ્રેરણા આપી. નવી પેઢી, નવા લેખકો અને નવા પત્રકારો ગાંધીજીને ભૂલી રહ્યા છે ત્યારે ગાંધીજીના જીવનના સુંદર પ્રસંગો લખી ફરી એક વાર ગાંધીજીનું મહાત્મ્ય લોકોને સમજાવનાર એકમાત્ર દેવેન્દ્ર પટેલ રહ્યા.

## વિદ્યાર્થીઓ માટે

ગુજરાતમાં જ્યારે જ્યારે પણ બોર્ડની ધો. ૧૦ અને ૧૨માની પરીક્ષા આવે ત્યારે અનેક બાળકો તનાવ અનુભવે છે. કેટલાંક પરીક્ષાના ડરથી કે ઓછા માર્ક્સ આવવાના ડરથી આપઘાત કરે છે. આવા કરુણ બનાવો અટકાવવા તેમણે અનેક વૈશ્વિક પ્રતિભાઓના દાખલા સાથે લખ્યું. કેટલીયે શાળાઓએ તેમણે લખેલાં લેખોની શાળાના નોટિસ બોર્ડ પર લગાડ્યાં જેથી બાળકો એ વાંચે અને આપઘાત કરવાનું વિચારે જ નહીં. માત્ર યાદશક્તિનો જ ટેસ્ટ કરતી આજની બોગસ પરીક્ષા પદ્ધતિ માટે પણ તેમણે લખ્યું. કેળવણીકારો અને રાજ્ય સરકારને પણ તેમણે પરીક્ષા પદ્ધતિ બદલવા વિચારતા કરી દીધા.

## કોમી તોફાનો

ગુજરાતમાં જ્યારે જ્યારે કોમી તોફાનો ફાટી નીકળ્યાં ત્યારે ત્યારે તેમણે 'વોહી રફતાર' અને 'ચીની કમ' કૉલમ દ્વારા ગુંડાતત્ત્વોને ઉઘાડાં પાડ્યાં. ગુંડાતત્ત્વો અને રાજકારણીઓની સાંઠગાંઠને તેમણે ખુલ્લી કરી નાંખી. રાજ્યમાં કોમી શાંતિ સ્થપાય તેવા પ્રસંગો લખ્યા. ૨૦૦૨નાં કોમી તોફાનો વખતે તેઓ હરસોલના એક કેમ્પમાં ગયા જ્યાં સેંકડો મુસ્લિમ પરિવારો આશ્રય લઈને બેઠા હતા. લોકોને જીવતા સળગાવી દેવામાં આવતા હતા અને બેઉ કોમો વચ્ચે જબરદસ્ત ઉન્માદ હતો ત્યારે તેમણે મુસ્લિમ પીડિતો વચ્ચે જઈ તેમના માટે ટ્રક ભરીને રેશન, પાણીની તથા બીજી ઘરવખરીની મદદની સગવડ કરાવી આપી.

એ જ રીતે ૧૯૮૫નાં તોફાનો વખતે રોજ શહેરમાં ખંજરબાજી થતી હતી ત્યારે તેમણે એ વખતના પોલીસ વડા જુલિયો રિબેરોને મળી શહેરના ગુંડાઓની એક યાદી બનાવી આપી. સુપરકોપ રિબેરોએ તેમની જ યાદી પર ભરોસો કરી એક જ રાતમાં રાજકારણીઓ સાથે સંકળાયેલા ૫૦ ગુંડાઓને પકડી લીધા અને બીજા જ દિવસે શહેરમાં ખંજરબાજી બંધ થઈ ગઈ. સુપરકોપ જુલિયો રિબેરોએ દેવેન્દ્ર પટેલની કારમાં બેસીને કોઈ જ સલામતી કમાન્ડો વિના રાત્રીના સમયે જાતમાહિતી માટે શહેરમાં ફરવાનું પસંદ કર્યું હતું.

## જોખમો લીધાં

દેવેન્દ્ર પટેલ એક લાગણીશીલ વ્યક્તિ છે. પ્રજાને જ્યારે જ્યારે પણ અન્યાય થયો અથવા ગાંધીનગરમાં બેઠેલા સત્તાધીશોએ પ્રજા પર દમનનો કોરડો વીંઝ્યો ત્યારે ત્યારે તેમણે કલમને તેજાબી બનાવી દીધી. પોતાના જાનની પણ પરવા કર્યા વગર તેમણે સત્તાધીશોના જોરજુલમ વિરુદ્ધ સખત લખ્યું. નેતાઓનાં ષડ્યંત્રો ખુલ્લાં પાડ્યાં. ગુજરાતને સળગાવનાર અને પ્રજાને બાનમાં લેનાર

ગુંડાઓના ગોડફાધર એવા રાજકારણીઓને તેમણે ઉઘાડા પાડ્યા. કોઈકની ખુરશી ગઈ પણ ખરી. કોઈએ પ્રજા પ્રત્યેનાં વલણો બદલ્યાં પણ ખરાં. પણ એનો યશ લેવાનો તેમણે કદી પ્રયાસ કર્યો નહીં. તેમના ખૂન માટે કાવતરું પણ રચાયું. તેમના પરિવારને જીવતું સળગાવી દેવા ૧૯૮૫માં પત્રકાર કોલોની પર હુમલો પણ થયો, પરંતુ હુમલાખોરો તેમના ઘરનું લોકેશન શોધી ના શક્યા અને તેઓ તથા તેમનું પરિવાર બચી ગયું.

માત્ર નેતાઓ જ નહીં, પરંતુ દંભી સાધુ બાવાઓ, વ્યભિચારી બાપુઓ, લોકોને છેતરતા



**પૂર્વ રાષ્ટ્રપતિ ઝેલસિંહ અને શ્રી પ્રમુખસ્વામી સાથે.**

તાંત્રિકોને પણ તેમણે ઉઘાડા પાડ્યા. સ્ત્રીઓને પોતાની રાધા અને પોતાની જાતને કૃષ્ણ સાથે સરખાવતા સાધુ બાવાઓ સામે તેમણે હિંમતથી લખ્યું. આવા સાધુઓ અજ્ઞાત પરિવારોની સ્ત્રીઓને આશ્રમમાં બોલાવી ફસાવતા હતા, પણ તેમના લેખો બાદ સમાજમાં જબરદસ્ત ક્રાંતિ આવી. આ દંભી સાધુઓએ ભાગી જવું પડ્યું. દર વર્ષે ગુરુપૂર્ણિમાના દિવસે જ્યાં લાખ્ખો લોકો ગુરુનાં દર્શન કરવા આવતાં હતાં ત્યાં માંડ હજારેક આવતા થઈ ગયા.

કરોડો રૂપિયાનું આર્થિક સામ્રાજ્ય લઈને બેઠેલા ધાર્મિક આશ્રમોનાં મહિલા વડાઓ કે જેઓ તેમના જ સત્સંગીઓ-સાધકોના ખૂન માટે જવાબદાર હતાં તેમની અસલિયત તેમણે લોકો સમક્ષ રજૂ કરી દીધી અને ધર્મના નામે ચાલતાં અત્યાચાર સામે તેમણે ચલાવેલી ઝુંબેશના કારણે કેટલીક મહિલા ગુરુઓ ગુજરાતમાં આવતી જ બંધ થઈ ગઈ.

'ચીની કમ' દ્વારા તેમણે મેડિકલના માફિયાઓને, લોકોને લૂંટતી કોર્પોરેટ હૉસ્પિટલોના ગોરખધંધાનો નિર્દોષ લોકોને મારી નાંખવા કરાતાં બોગસ એન્કાઉન્ટર્સ કરનાર પોલીસ અધિકારીઓ અને તેમને બચાવવા મેદાને પડેલા રાજકારણીઓને પણ તેમણે ખુલ્લા પાડ્યાં.

આ બધાં જ લખાણો તેમની પોતાની સુરક્ષા માટે પડકારરૂપ હતા. તેમના સંખ્યાબંધ લખાણો તેના પોતાના માટે જોખમ લાવનારાં હતાં, પરંતુ તેઓ એટલી હદે પ્રજાભિમુખ હતા કે એક વાર પ્રજાને કોઈ અન્યાય થતો હોય તો તેઓ સહન કરી શકતા નથી અને તે પછી તેઓ કલમ ઉઠાવે પછી કેટલું જોખમ ઉઠાવીને લખી રહ્યા છે તે ભય તેઓ મનમાંથી કાઢી નાંખે છે. કેટલાંક લખાણો લખતી વખતે તેમનાં પરિવારે તેમને રોકવા કોશિશ કરી છે, પરંતુ તેમણે અંતરાત્માના આદેશને જ માન આપ્યું. દા.ત.

પેઈન્ટર હુસેને એક વાર હિન્દુઓનાં દેવી મા સરસ્વતીનું નગ્ન ચિત્ર દોર્યું. ત્યારે તેમણે 'વોહી રફતાર'માં હિંમતથી લખ્યું કે, "મા સરસ્વતી દેશના ૯૦ કરોડ હિન્દુઓનાં પૂજ્ય દેવી છે. પેઈન્ટર હુસેન પહેલાં પોતાની સગી માતાનું નગ્ન ચિત્ર દોરી તેમાં રહેલી કળા વિશે સમજાવે"- અને તેમના આ લેખની એટલી તો જબરદસ્ત અસર થઈ કે, પ્રજાના ફાટી નીકળેલા આક્રોશના કારણે મહિનાઓ સુધી પેઈન્ટર હુસેને અમદાવાદ આવવાનું ટાળ્યું હતું.

## બેસુમાર ચાહકો

આ બધું હોવા છતાં તેઓ હંમેશાં ધરતી પર જ રહ્યા. લોકપ્રિયતાનો નશો કદીયે તેમના દિમાગ પર સવાર થયો નહીં. પ્રજાને તેમની પર એટલો બધો ભરોસો હતો કે, કેટલીક વાર તો અજાણ્યા કેદીઓ પણ જેલમાંથી દેવેન્દ્ર પટેલને પત્ર લખતા.

દેવેન્દ્ર પટેલ ગુજરાતી પત્રકારત્વમાં એક સીમાચિહ્ન હાંસલ કર્યું. નવાં કીર્તિમાનો સર કર્યાં. તેમના પુસ્તક વિમોચનોના પાંચ પ્રસંગો ઉજવાયા. દરેક વખતે ઠાકોરભાઈ હૉલ ઊભરાઈ ગયો. લોકોએ પગથિયાંમાં બેસીને પણ લોકાર્પણના કાર્યક્રમો માણ્યા. હૉલમાં જગા ના મળી તો ત્રણસો-ચારસો માણસ તો બહાર જ ઊભા રહ્યા. એક વાર તેમના લોકાર્પણના કાર્યક્રમમાં ઉપસ્થિત રહેલા સુપ્રસિદ્ધ સાહિત્યકાર ચંદ્રકાંત બક્ષીએ કહ્યું હતું : "સાલું, ઈર્ષ્યા થાય તેટલી પબ્લિક હતી." ચંદ્રકાંત બક્ષી જેવા સમર્થ લેખક પણ દેવેન્દ્ર પટેલના ચાહક હતા. તેમની લોકપ્રિયતાનું મહત્ત્વપૂર્ણ કારણ તેમના સ્વભાવની નિખાલસતા, લેખનશૈલીની પ્રવાહિતા, સાદગી અને તેમનાં લખાણોની પ્રજાભિમુખતા જ જવાબદાર રહ્યાં.

## પત્રકારોના રાહબર

પત્રકારત્વને માત્ર રોજીનું જ સાધન ના બનાવી રાખતા તેમણે તેને પ્રજાના પ્રશ્નો ઉકેલવાનું એક મિશન પણ બનાવી દીધું. એટલું જ નહીં, પરંતુ તેમણે બીજા અનેક પત્રકારોને પેદા કર્યા. કૉલેજમાં ભણતા કેટલાયે યુવાનો કે યુવતીઓ તેમને વાંચીને પત્રકારત્વમાં આવ્યાં. કેટલાયે યુવાન પત્રકારો આજે પણ કબૂલ કરે છે કે, તેઓ દેવેન્દ્ર પટેલને વાંચીને જ પત્રકાર બન્યા છે. કેટલાક તેમને વાંચીને પત્રકારત્વમાં આવ્યા તો કેટલાકને તેઓ જ પત્રકારત્વમાં લઈ આવ્યા છે. કેટલાયે પત્રકારો અને લેખકોના તેઓ રાહબર બન્યા છે.

તેમની મોટામાં મોટી ખાસિયત એ છે કે, લોકપ્રિયતાના કારણે તેઓ કેટલાયની ઈર્ષ્યાનો ભોગ બન્યા, પરંતુ તેમણે કદીયે કોઈનીયે ઈર્ષ્યા કરી નહીં. બીજાનાં સારાં વૃત્તાંતો કે લખાણો તેમણે હંમેશ બિરદાવ્યાં. આવી સેન્સ ઑફ એપ્રિસિએશન્સ બહુ ઓછા લોકોમાં હોય છે.

## ગ્રામવિકાસ

તેમણે માત્ર લખ્યું જ નહીં, પરંતુ પોતાના જીવનને પણ પ્રજાના પ્રશ્નો માટે સમર્પિત કર્યું. તેમના વતન આકરૂન્દ માટે અને સાબરકાંઠા માટે તેમને હંમેશાં વિશેષ પ્રીતિ રહી. જિલ્લાના કોઈ પણ વિસ્તારમાંથી નાનામાં નાનો માણસ આવે તો તેને હંમેશાં મદદરૂપ થતા. ખાસ કરીને શહેરની મોટી હૉસ્પિટલોમાં ભરતી થતાં ગરીબ ગ્રામજનો માટે તેઓ સદાયે તેમનીસાથે રહ્યા. સાબરકાંઠાથી માંડીને કચ્છ સુધીના લોકો તેમની પાસે નવા રસ્તા કે પીવાના પાણીની સમસ્યા માટે આવતા રહ્યા છે. દરેક માટે કોઈ ને કોઈ મંત્રીને તેઓ ભલામણ કરી આપતા રહ્યા. તેમના વતન આકરૂન્દ સિંચાઈની અદ્‌ભુત સગવડોના કારણે આજે નાનકડું પંજાબ બની ગયું છે. ગામમાં નાનકડી હૉસ્પિટલ છે જેમાં રોજ ૨૦૦થી વધુ ગરીબ લોકો મફત સારવાર લે છે. જે બધું તેમને આભારી છે. છતાં તેનો યશ લેવા તેમણે કદી પ્રયાસ કર્યો નથી. તેઓ ખુદ એક 'સંસ્થા' છે.

# 'મિથ', મિસ્ટરીઝ અને ફેક્ટ્સ

૪૨ વર્ષની કારકિર્દી દરમિયાન તેમનાં ૪૦ જેટલાં પુસ્તકો પ્રગટ થયાં. બધાં જ પુસ્તકો નવભારત સાહિત્ય મંદિરે પ્રગટ કર્યાં. તેમનાં પુસ્તકોના લોકાર્પણ પ્રસંગે માત્ર અડધા કલાકમાં જ રૂ. ૫૦ હજારનાં પુસ્તકો વેચાઈ જવા લાગ્યાં.

પત્રકારત્વની આ લાંબી દડમજલ કરનાર દેવેન્દ્ર પટેલ સ્વયં એક 'સમાચાર' લખનાર પત્રકાર હોવા છતાં તેઓ ખુદ અનેક વાર 'ન્યૂઝ' અને ચર્ચામાં રહ્યા. તેમની તરફેણમાં અને વિરુદ્ધમાં પણ લખાયું. 'વોહી રફતાર' કૉલમથી પ્રભાવિત રાજકારણીઓ અનેપત્રકારોએ તેમને વિવાદાસ્પદ કહી તેમની ટીકા કરતાં લખાણો પણ લખ્યાં. ખાસ કરીને દહેગામના કલાનિધિ મહારાજ દ્વારા એક ઉદ્યોગપતિની પત્ની સાથે કરેલા દુર્વ્યવહારની શ્રેણીબદ્ધ કથા તેમણે લખી ત્યારે તેને રોકવા પ્રયાસ થયો, પરંતુ અદાલતો તેમની સાથે રહી અને એક પતિએ પોતાની પત્ની સાથેના એક ગાદીપતિના સંબંધોની વિડિયોગ્રાફી કરી તે ઘટનાનું વિવરણ સમાજ માટે આંખ ઉઘાડનારું રહ્યું. ઘણા ચોખલિયાઓ દ્વારા ગુજરાતી પત્રકારત્વની જાહેરમાં ટીકા કરવાની ફેશન ચાલે છે ત્યારે દેવેન્દ્ર પટેલે સંશોધનાત્મક પત્રકારના અનેક પ્રસંગો આલેખ્યા, જે ટીકાકારોના ધ્યાન પર કેમ ન આવ્યા તે એક પ્રશ્ન છે.

ઘણા બધા લોકો માટે દેવેન્દ્ર પટેલ 'મિથ' અને 'મિસ્ટરી' છે. જેઓ તેમને નજીકથી જાણતા નથી તેઓ તેમના વિશે ભાતભાતની કલ્પનાઓમાં રાચે છે. દરેક પક્ષોમાં તેમના ગાઢ મિત્રો છે અને એ કારણે તેમના વિશે અનેકવિધ સ્પેક્યુલેશન્સ થતાં રહે છે. જ્યારે જ્યારે ચૂંટણીઓ આવે છે ત્યારે તેઓ ચૂંટણી લડવાના છે તેવી વાતો હવામાં ફંગોળાતી રહે છે. તેઓ કહે છે : "સક્રિય રાજનીતિ એક વાત છે અને રાજનીતિ વિશે લખવું તે અલગ વાત છે. હું સક્રિય રાજકારણનો માણસ નથી અને ધારો કે કોઈ મને સક્રિય રાજકારણમાં ખેંચી જાય તો તેમાં સફળ થવા અંગે મને સંદેહ છે. વળી હું સંવેદનશીલ વ્યક્તિ છું અને લાગણીશીલ વ્યક્તિઓનું રાજકારણમાં કામ નથી."

આમ છતાં અખબારમાં લખનાર વ્યક્તિ સૌથી વધુ ચર્ચામાં રહેતી હોય તો તે દેવેન્દ્ર પટેલ છે, કારણ કે તેમનાં લખાણો હંમેશાં પ્રતિભાવોને જન્મ આપે છે. જેમને કોઈ વાંચતું જ નથી તેમની ટીકા પણ થતી નથી. કેટલાક ધંધાદારી અન્ય પત્રકારો કે લેખકો તેમની ટીકા કરે છે ત્યારે તેઓ રમૂજમાં કહે છે : "મારા ટીકાકારોની પત્નીઓ અને તેમની મમ્મીઓ મારાં વાંચકો છે."

દેવેન્દ્ર પટેલની લખવાની શૈલી જ એટલી પ્રવાહી છે કે, તેમની કેટલીક કથાઓ અને કેટલાક પ્રસંગો વાચકો બે કે ત્રણ વાર વાંચી જાય છે. કેટલાંક લખાણોમાં તેમનું નામ ના હોય તો પણ વાચકોને ખબર પડી જાય છે કે, આ વૃત્તાંત કે પ્રસંગ દેવેન્દ્ર પટેલે જ લખેલો છે. માત્ર લેખનશૈલી પરથી જ ઓળખાતા કોઈ લેખક હોય તો તે દેવેન્દ્ર પટેલ જ છે.

બેહદ લોકપ્રિયતા અને અખબારને લોકપ્રિય બનાવવાની તેમની કોઠાસૂઝ અને દૃષ્ટિ ઉપરાંત તેઓ બોલવામાં સ્પષ્ટ વક્તા પણ છે. તેમની પાછળ ટીકા કરનારા વ્યક્તિ તેમની હાજરી માત્રથી જ અસલામતી અનુભવે છે અને તેનું કારણ વિષયો પરનો ઊંડો અભ્યાસ, તર્ક, માહિતી અને વાતને રજૂ કરવાની તેમની પાસે આગવી છટા છે. તેમનું વ્યક્તિત્વ પારદર્શક છે. ભીતરમાં જે અનુભવે છે તે તેમના ચહેરા પર અને જીભ પર હોય છે. આ કારણે ઘણી વાર તેઓ ગેરસમજના ભોગ પણ બન્યા છે. ઘણા લોકો તેમના વિશે અનેકવિધ 'મિથ' ઊભી કરવામાં સફળ નીવડ્યા છે. 'સંદેશ'ના ડિરેક્ટર

સમીરભાઈ શેઠે એક વાર તેમને કહ્યું હતું : “દેવેન્દ્રભાઈ, તમે જ્યારે ‘ગુજરાત સમાચાર’માં હતા ત્યારે તમારા વિશે અનેક ‘મિથ’ ચાલતી હતી, પરંતુ તમે ‘સંદેશ’માં જોડાયા પછી જ અમને લાગે છે કે, તમે સાવ અલગ જ વ્યક્તિ છો.”




તેમનાં પુસ્તકોના છેલ્લા લોકાર્પણ વખતે ‘સંદેશ’ના મૅનેજિંગ ડિરેક્ટર પાર્થિવભાઈ પટેલે કહ્યું હતું : “દેવેન્દ્રભાઈ અન્ય પત્રકારો માટે રોલ મોડેલ છે. કોઈ કૉલમ શરૂ કરવી તે સહેલું છે, પરંતુ તેની લોકપ્રિયતા ટકાવી રાખવી તે અઘરું છે. તેમની લોકપ્રિયતાનું કારણ તેમની ભાષા કે શૈલી જ નથી, પરંતુ તેમનો સખત પરિશ્રમ અને અભ્યાસ છે. તેઓ કોઈ પ્રતિભા વિશે જ્યારે લખે છે ત્યારે જેના માટે લખવામાં આવ્યું છે તે વ્યક્તિ ખુદ નક્કી કરી શકતી નથી કે, તેમણે તેમની ટીકા કરી છે કે પ્રશંસા ?

કોંગ્રેસનાં રાષ્ટ્રીય નેતા શ્રીમતી સોનિયા ગાંધીના રાજકીય સલાહકાર અહેમદભાઈ પટેલ દેવેન્દ્ર પટેલને નેકદિલ અને ‘યાર બાજ’ દોસ્ત કહે છે.

ગુજરાતનાં નામદાર રાજ્યપાલ ડૉ. શ્રીમતી કમલાજીએ તેમનાં પુસ્તકોના લોકાર્પણ પ્રસંગે કહ્યું હતું કે, દેવેન્દ્રભાઈએ પત્રકારત્વની ઉજ્જવળ પરંપરાને ઉજાગર કરી છે. દેવેન્દ્રભાઈએ હંમેશાં પૂર્વગ્રહરહિત અને નીડરતાથી લખ્યું છે.

તેમનાં પુસ્તકોના લોકાર્પણ પ્રસંગે દેવેન્દ્ર પટેલે કહ્યું કે, “એ જોગ-સંજોગ છે કે, ગુજરાતી ભાષામાં સૌથી ઓછા માર્ક્સ લાવનાર મારા જેવી વ્યક્તિને આજે લોકો સફળ પત્રકાર માને છે, પરંતુ હું એક સફળ પત્રકાર અને લેખક છું એ વાત જો સાચી હોય તો તેનું કારણ પુષ્કળ અભ્યાસ, ભાષાની સાદગી અને ક્લેરિટી ઑફ માઈન્ડ છે. જે વ્યક્તિ ખુદ મૂંઝવણમાં કે દ્વિધામાં હોય છે તેનું લખાણ પણ કોઈને સમજ ના પડે તેવું જટિલ હોય છે. જે વિષય પર તમારી પક્કડ ના હોય તે વિષય પર કદી ના લખો. બધા જ વિષયો પર બોલવાનો કે લખવાનો પ્રયત્ન કદી ના કરો. જે વિષય પર લખવું હોય તે વિષય પર લખતાં પહેલાં પૂરું હોમવર્ક કરો. સતત વાંચતા રહો. સતત અભ્યાસ કરતાં રહો. નાનામાં નાની વ્યક્તિ પાસેથી પણ શીખો. માત્ર ધુરંધર અધ્યાપકો પાસેથી જ નહીં, પરંતુ પટાવાળા પાસેથી કે ખેતમજૂર પાસેથી પણ કાંઈક ને કાંઈક શીખવાનું હોય છે, પરંતુ વળી હું જે લખું છું તેને સાહિત્યકારોની પરિભાષાનું સાહિત્ય સમજવાની જરૂર નથી. મારા લખાણોમાંથી સાહિત્ય પેદા થતું હોય તો તે આડપેદાશ છે. વળી હું જે કાંઈ લખું છું તે શાશ્વત નથી, પરંતુ સાંપ્રત અને સમકાલીન છે અને તે

આજના સમય માટે અત્યંત જરૂરી છે.''

તેઓ કહે છે : ''હું રોજ માત્ર દોઢ જ કલાક લખું છું, પરંતુ રોજ ચારથી પાંચ કલાક વાંચું છું. રોજ દેશ-વિદેશનાં ૨૫થી ૩૦ અખબારો વાંચું છું. આઠથી દસ જેટલી ન્યૂઝ ચેનલ્સ પરથી પ્રસારિત સમાચારો રોજ દોઢથી બે કલાક નિહાળું છું. દેશ-વિદેશની ઘટનાઓની છેલ્લામાં છેલ્લી પરિસ્થિતિથી સતત વાકેફ રહું છું. બરાક ઓબામાથી માંડીને બિપાશા બાસુ સુધી અને ડૉ. મનમોહનસિંહના અર્થશાસ્ત્રથી માંડીને કેટરિના કૈફની લેટેસ્ટ ફિલ્મ સુધી મારી જાતને અપડેટ રાખું છું. હિસ્ટ્રી, નેશનલ જ્યોગ્રોફી અને ડિસ્કવરી મારી પ્રિય ચેનલ્સ છે. સ્ટાર મુવીઝ, એચબીઓ, એમજીએમ અને પિક્સ પરથી પ્રસારિત ફિલ્મો પૈકી પસંદગીની ફિલ્મો પણ નિહાળું છું. ઈજિપ્ત, રોમ, પેલેસ્ટાઈન, ગ્રીસ અને સ્પાર્ટાની ભૂમિકા પર બનેલી ફિલ્મો મને પ્રિય છે. 'શ્રીમદ્ ભગવદ્ ગીતા' અને ગાંધીજી લિખિત 'સત્યના પ્રયોગો' મારાં પ્રિય પુસ્તક-ગ્રંથો છે. મારો કોઈ 'રોલ મોડેલ' નથી. હું કોઈનાયે જેવો બનવા માંગતો નથી. કોઈ પણ લેખક કે પત્રકાર મારો 'આદર્શ' નથી. હું જેવો છું તેવો જ બની રહેવા માગું છું. ઓશોએ કહ્યું છે : ''દરેક વ્યક્તિ પોતાની રીતે અદ્વિતીય છે. યુનિક છે, અજોડ છે, કોઈનીયે નકલ કરવાના બદલે તમે તમારું મૌલિક વ્યક્તિત્વ કે ભાષાને વિકસાવો.''

અંગ્રેજી ભાષાના અખબારથી પોતાની કારકિર્દી શરૂ કરનાર દેવેન્દ્ર પટેલ આજે ગુજરાતી ભાષાના સફળ પત્રકાર ગણાય છે, પરંતુ તેમનો અથાગ પરિશ્રમ, પુષ્કળ વાંચન અને સતત કાંઈક શીખતા રહેવાની જિજ્ઞાસા એ જ તેમની સફળતાનાં રહસ્યો છે. ભાષાને તેઓ માધ્યમ ગણે છે. ભાષાની સાદગી એ સફળતાની છુપી ચાવી છે. તેઓ કહે છે : ''અઘરું લખવું સહેલું છે, પરંતુ સરળ લખવું અઘરું છે.''

દેવેન્દ્ર પટેલ પોતાની અંગત લાઈબ્રેરી ધરાવે છે. તેમની લાઈબ્રેરી તેમના માટે એક પ્રકારની રેફરન્સ લાઈબ્રેરી છે. તેમાં ગાંધીજી, સરદાર, મોરારજી દેસાઈથી માંડીને ભાઈકાકા જેવી પ્રતિભાઓનાં જીવનચરિત્રો છે. ભગવદ્ ગીતાથી માંડીને પવિત્ર કુરાન અને બાઈબલ પણ છે. મારિયો પુર્ઝો લિખિત 'ગોડફાધર'થી માંડીને 'અલ્કેમિસ્ટ' પણ છે. ઓ હેન્રીની ચમત્કૃતિપૂર્ણ ટૂંકી વાર્તાઓથી માંડીને ઈજિપ્તના પિરામિડોની રહસ્યમય કથાઓ પણ છે. રામાયણ, મહાભારતથી માંડીને પયગંબર સાહેબ પરનાં પુસ્તકો પણ છે. 'ધી ફાઈનલ વરડીક્ટ'થી માંડીને 'ધ વર્લ્ડ ઑફ ફેરોઝ' પણ છે.

સતત વાંચતા રહેવું, સતત નિરીક્ષણ કરવું, સતત શીખતા રહેવું, ઉપલબ્ધ માહિતીનું પૃથ્થકરણ કરતાં રહેવું, તેમાંથી સત્ય અને અસત્યને તારવતા રહેવું અને તે પછી જ લખવું અને સફળતા પછી પણ ધરતી પર જ રહેવું તથા વધુ નમ્ર બનવું તે તેમનો જીવનમંત્ર છે.

આ છે દેવેન્દ્ર પટેલ વિશેની મિથ્સ, મિસ્ટરીઝ અને ફેક્ટ્સ.

# દેવેન્દ્ર પટેલ-એક અવલોકન

ગુજરાતી પત્રકારત્વનો ઈતિહાસ દોઢ સદીથી બહુ જૂનો નથી, પરંતુ સફળ પત્રકારોની યાદી બનાવીએ તો બહુ જ જૂજ નામો સામેલ કરી શકાય અને તેમાં દેવેન્દ્ર પટેલનું નામ અવશ્ય સામેલ કરવું પડે. દેવેન્દ્ર પટેલ છેલ્લાં ચાર દાયકાથીગુજરાતી પત્રકારત્વમાં સફળ રીતે ખેડાણ કરી રહ્યા છે. પત્રકારત્વ જગતની વાત આવે ત્યારે દેવેન્દ્ર પટેલનું નામ ભારે ગર્વ સાથે લેવામાં આવે છે. દેવેન્દ્ર પટેલે એક સારા અને શ્રેષ્ઠ પત્રકારની સાથે લોકપ્રિય સાહિત્યકાર તરીકે નામના મેળવી છે. તેમની આગવી વર્ણનશૈલી, વાત પ્રસ્તુત કરવાની અત્યંત આકર્ષક છટા- એક અદ્ભુત કૌશલ્ય છે. એક આગવી સ્ટાઈલ છે. દેવેન્દ્ર પટેલ માત્ર ગુજરાતમાં નહીં, પણ વિશ્વભરના ગુજરાતીઓમાં એક પત્રકાર તરીકે પરિચિત છે, આગવો આદર ધરાવે છે અને અત્યંત લોકપ્રિય છે.

દેવેન્દ્ર પટેલ એક સંવેદનશીલ પત્રકાર છે. તે વિચારે છે ઘણું, સૂક્ષ્મ નિરીક્ષણ કરે છે, વિશાળ દૃષ્ટિકોણ ધરાવે છે, પણ હૃદય કહે એટલું જ લખે છે. પરંપરા કરતાં અલગ લખે છે. 'અલગ' કરવાની કળાએ દેવેન્દ્ર પટેલને 'શ્રેષ્ઠત્વ' અર્પણ કર્યું છે. આજે ગુજરાતી વાચક અને દેવેન્દ્ર પટેલનું 'કભી કભી' એકબીજાના પૂરક બની ગયા છે.

સમાજમાં, રાજકારણમાં, કલાજગતમાં, વિજ્ઞાન ક્ષેત્રમાં કે અન્ય કોઈ પણ ક્ષેત્રની વિશ્વભરની ઘટનાઓમાં પરિવર્તનનો સિલસિલો તો ચાલ્યા જ કરતો હોય છે. એક ઘરેડ, એક રૂટિન પ્રક્રિયા ચાલ્યા જ કરતી હોય છે, પણ એ બધામાં કોઈ કોઈ વાર આંખને આંજી દે, મનને વિચારતા કરી મૂકે, હૃદયને ભીંજવી દે કે પછી જિંદગીને પ્રકાશિત કરી દેતું હોય છે, આ બીજું કોઈ નહીં, પણ દેવેન્દ્ર પટેલની કટાર 'કભી કભી' છે. સમયની સાથે તાલ મિલાવીને, લય મેળવીને તદ્દન જુદી જ વાત, નવી જ રીત અને ભવ્ય વિચારોથી ભરપૂર ઘટનાઓનો સમન્વય એટલે 'કભી કભી.' દેવેન્દ્ર પટેલ એક સંવેદનશીલ પત્રકાર છે એટલે જ સમાજમાં બનતી ઘટનાઓને બૃહદ્ દૃષ્ટિકોણથી 'કભી કભી' કૉલમમાં રજૂ કરે છે. અસંખ્ય ગુજરાતી વાચકો ઈન્તજાર કરતાં હોય છે કે, આવતાં સોમવારે 'કભી કભી'માં કઈ સત્યઘટના હશે ? આ સવાલ દેવેન્દ્ર પટેલની લોકપ્રિયતા અને સફળતા દર્શાવે છે. ગુજરાતમાં આજે દેવેન્દ્ર પટેલની કલમથી લખાયેલી ઘટનાઓને વાંચનારો ચાહક વર્ગ ખૂબ જ વિશાળ છે.

દેવેન્દ્ર પટેલમાં ઉત્તમ સાહિત્યકાર અને શ્રેષ્ઠ પત્રકારની પ્રતિભાનો સમન્વય થયો છે. સફળ ગુજરાતી પત્રકારોની યાદીમાં તેમનું નામ અવશ્ય મૂકવું પડે જ. તેનાં કારણો પણ ઘણાં છે. જેમ કે તેમની વિચક્ષણ અને તરવરાટ વૃત્તિ તથા પ્રખર જિજ્ઞાસા સાથે સતત અને અથાગ મહેનતે તેઓ સફળ પત્રકાર બની શક્યા છે. પત્રકારત્વજગત ઝાકમઝોળ અને ગ્લેમરસથી ભરેલું છે. પણ દેવેન્દ્ર પટેલનું વ્યક્તિત્વ સામાન્ય પત્રકારથી એટલા માટે જુદું તરી આવે છે કે, અત્યંત પરિશ્રમપૂર્વક મેળવેલી નામના, પ્રસિદ્ધિ અને લોકપ્રિયતાનો ભાર તેમને લાગતો નથી. તેમનું વ્યક્તિત્વ દર્પણ જેવું છે, અત્યંત પારદર્શક છે અને સરળ સ્વભાવ ધરાવે છે. તેમના વ્યક્તિત્વમાં સ્પષ્ટતા, આક્રમકતા અને રિસર્ચવૃત્તિ છે, જે સહજ રીતે તેમના અહેવાલો કે લેખોને વાચકના હૃદયની આરપાર પહોંચાડે છે. ન્યૂઝ પેપરને ચોટદાર, આકર્ષક છતાં તટસ્થ અને સત્ય જાળવવામાં તેમની સિદ્ધહસ્ત શૈલી પુરવાર થયેલી છે. એક કાબેલ અને જવાબદાર પત્રકારની રૂએ કામને દીપાવી જાણવાની કળા તેમનામાં છે, પણ દેવેન્દ્ર પટેલની 'ઓળખ' ઊભી થઈ 'કભી કભી' કૉલમથી. આ 'કભી કભી' કટાર દ્વારા પત્રકાર દેવેન્દ્ર પટેલનો લેખક તરીકે જન્મ થયો. લેખક પોતાની કૃતિ કે કટારની માવજત કરે છે, મન અને

તનથી આકરી મહેનત કરી છે. દેવન્દ્ર પટેલે 'કભી કભી'ને જન્મ આપ્યો પછી 'કભી કભી'ના ઉછેરમાં ખીલવવામાં કોઈ કચાશ રાખી નથી. આ માટે રાતભર જાગતા રહીને પણ વિવિધ વિષયો પર વાંચ્યું છે, જરૂરી માહિતી એકઠી કરવા જહેમત ઉઠાવી છે, શક્ય એટલી વધુ વિગતો અને માહિતી એકઠી કરવામાં સહેજ પણ ઢીલ રાખી નથી. લખવામાં કશું જ અધકચરું કે ઉપરછલ્લું નહીં, પણ 'કભી કભી'માં ઊંડાણ લાવવા મથામણ કરી છે. અડધું કે અર્ધસત્ય નહીં, પણ સત્યતા, પૂર્ણતા લાવવા માટેનો પ્રયાસ કર્યો છે. જે વાંચ્યું, જે જોયું, જે મેળવ્યું કે જે માણ્યું એને મૂળ સ્વરૂપે જ, કશીય બનાવટ કે નકલ વિના રજૂ કરવામાં પોતાનો પત્રકાર તરીકેનો ધર્મ અદા કર્યો છે.

દેવેન્દ્ર પટેલ  નખશિખ પત્રકાર છે અને પત્રકારને એક ત્રીજી આંખ પણ હોય છે. સમાજમાં જે કોઈ ઘટના આસપાસ બનતી હોય છે કે આમથી તેમ વેરાયેલું પડ્યું હોય છે, જે કોઈ કામનું કે નકામું રસ્તાઓ પર કે શેરી-ચૌટામાં રઝળતું-રખડતું હોય છે, જે કોઈ ઘટના બનતી હોય છે, એ બધા પર આ ત્રીજી આંખ ઘૂમતી રહે છે અને એમાંથી સમાચાર માટેની કે વાર્તા માટેની સામગ્રીને વીજળીના ચમકારની જેમ ઝડપી લે છે. વીજળીના ચમકારે મોતીડાં પરોવવાની કળા એટલે દેવેન્દ્ર પટેલનું પાણીદાર પત્રકારત્વ. પત્રકાર તરીકે દેવેન્દ્ર પટેલની ત્રીજી આંખ ખૂબ જ પાણીદાર, શક્તિશાળી અને સાહસથી ભરેલી છે. એટલે જ 'કભી કભી' છેલ્લા ચાર દાયકાથી આજે પણ વધારે સઘન, સુંદર, રોચક અને સમૃદ્ધ બનતું ગયું છે. શાળાના વિદ્યાર્થીઓ, કૉલેજિયનો, બિઝનેસમેનો, મહિલાઓ, રાજનેતાઓ, શ્રમજીવીઓ, વડીલો સહિત સમાજના વિવિધ ક્ષેત્રના અને દરેક વર્ગના લોકો દેવેન્દ્ર પટેલના પત્રકારત્વને ચાહે છે.

દેવેન્દ્ર પટેલ પત્રકાર હોવાનું ગૌરવ અનુભવે છે. જે કંઈ લખે છે પત્રકારનો મોભો સચવાય એ રીતે લખે છે. એક તેજસ્વી પત્રકાર શું કરી શકે તેનું શ્રેષ્ઠ ઉદાહરણ એટલે દેવેન્દ્ર પટેલ. મીડિયાનું કામ કપરું છે અને થોડું અઘરું છે. સાથે સાથે જવાબદારીવાળું છે. અખબારોની દુનિયામાં સમાચાર અને બનેલી ઘટનાઓનું વિશ્લેષણ કરવાનું કામ ખૂબ જ મહેનત માંગી લે તેવું છે, પણ દેવેન્દ્ર પટેલ વાચકોને વિચારતા કરી મૂકે અને સત્તાધીશોને ધ્રુજાવી મૂકે એવી ધારદાર ભાષામાં આલેખન કરી જાણે છે. અસરકારક રિપોર્ટિંગ કરવાનું હોય કે પછી ઈન્ટરવ્યૂ લેવાનો હોય કે વ્યક્તિવિશેષનું શબ્દચિત્ર આલેખવાનું હોય, વિજ્ઞાનની કોઈ પણ શાખાનો અઘરામાં અઘરો લેખ પણ વાચકોને સરળ ભાષામાં આપી શકે છે. ઈમ્પેક્ટ-એ તેમનાં લખાણોની કેન્દ્રવર્તી ખૂબી છે.  ફિલોસોફી, સાયન્સ, ફિક્શન કે મેડિસિન, ઈકોનોમિક્સની વાત હોય, સામાન્ય માણસો સમજી શકે અને બુદ્ધિજીવીઓ વિચારી શકે તેવું તેમનું લેખન છે. લેખક અને પત્રકારનો પાતળો છતાં સ્પષ્ટ ભેદ દેવેન્દ્ર પટેલે તેમનાં સાહિત્યસર્જનોમાં અને અહેવાલોમાં જાળવ્યો છે. એટલે તેઓ આજે ગુજરાતી પત્રકારત્વના જગતમાં ધ્રુવના તારાની માફક ચમકી રહ્યા છે. દેવેન્દ્ર પટેલે પત્રકાર તરીકેનો ધર્મ નિભાવ્યો છે અને સફળતાને પચાવી જાણી છે.

પત્રકારનો મૂળ ધર્મ તો પીડિતોને વાચા આપવી અને અબળાઓને રક્ષણ આપવાનો પણ છે. દેવેન્દ્ર પટેલે એક પત્રકાર તરીકે 'કભી કભી' કોલમમાં અસંખ્ય પીડિત અને વ્યથિત સ્ત્રીઓને જિંદગીના દર્દને શબ્દરૂપે ઢાલવ્યું છે. આવી પીડિતાઓના અહેવાલોથી કંપનો સર્જાયાં છે. વાદ-વિવાદ થયા છે. સારા-નરસાં પ્રતિભાવો સાંપડ્યા છે, પણ છેવટે પીડિત સ્ત્રીઓને ન્યાય અપાવવામાં દેવેન્દ્ર પટેલનું પત્રકારત્વ માધ્યમ બન્યું છે. આ એક પત્રકાર તરીકે દેવેન્દ્ર પટેલની ભવ્ય સિદ્ધિ છે. એક પત્રકાર સમાજ માટે શું કરી શકે ? આ સવાલનો જવાબ દેવેન્દ્ર પટેલના પત્રકારત્વમાંથી જ મળી જાય છે. આપણે જેમ રોજ

ભોજન લેવું પડે છે એમ દેવેન્દ્ર પટેલને રોજ કંઈક ને કંઈક લખ્યા વગર ચેન પડતું નથી. રોજ લખવું એવા તેમના શોખને લીધે ગુજરાતી વાચકોને ઈસવીસન ઓગણીસો એકાણુમાં થયેલા ગલ્ફવૉર રોજરોજનો અહેવાલ દેવેન્દ્ર પટેલની કોલમ દ્વારા જાણવા મળ્યો અને પળે પળે શ્વાસ અદ્ધર કરી દે તેવા ઈરાક-કુવૈત વચ્ચેના વિશ્વના પ્રથમ હાઈટેક વૉર પહેલાં કાઉન્ટ-ડાઉનથી માંડીને યુદ્ધના અંત સુધીનો રોજેરોજનો યુદ્ધનો ઈતિહાસ નહીં, પણ હિસાબ-કિતાબ માંડવાનું ભગીરથ કામ દેવેન્દ્ર પટેલે ઉપાડ્યું અને જોગાનુજોગ વર્ષ બે હજાર ત્રણમાં સદ્દામ હુસેનના ઉદય અને પતનના ઈતિહાસનું આલેખન પણ કરી દીધું.

ઈઝરાયેલની મુલાકાતે ગયા અને અમદાવાદ પરત આવીને ચાર હજાર વર્ષનો ઈતિહાસ-સંસ્કૃતિ ધરાવતાં દેશ વિશે 'ઈઝરાયલ-ધ લેન્ડ ઑફ ધ બાઈબલ'ના શીર્ષક હેઠળ ઐતિહાસિક પુસ્તક લખ્યું અને જેને ગુજરાત રાજ્ય સાહિત્ય અકાદમીનું પારિતોષિક પ્રાપ્ત થયું. ઊંઝામાં ૧૮મી શતાબ્દીની ઉજવણીના ભાગરૂપે ઉમિયા મહોત્સવ શરૂ થયો અને ભારે મહેનત અને સંશોધન કરીને ચોક્કસ સમયમાં જ 'મહાજાતિ પાટીદાર' શ્રેણી અંતર્ગત પાટીદારોના ઈતિહાસનું અદ્‌ભુત નિરુપણ કર્યું છે અને તાજેતરમાં અમદાવાદને ૬૦૦ વર્ષ પૂરાં થયાં તે નિમિત્તે 'સલામ શહેરે અમદાવાદ' શ્રેણી 'સંદેશ'માં રજૂ કરી અને અમદાવાદનો ઈતિહાસ કલમથી મઢી દીધો. ત્યારે આપણને સવાલ થાય કે આ માણસ પત્રકાર છે ? લેખક છે ? કે પછી ઈતિહાસકાર છે ?

એક પત્રકાર તરીકે ભારતભરમાં તેમ જ બ્રિટન, ફ્રાન્સ, ઈટાલી, જર્મની, સ્વિત્ઝરલેન્ડ, નેધરલેન્ડ, ઈઝરાયેલ, મલેશિયા, થાઈલેન્ડ, બેંગકોક, હોંગકોંગથી માંડીને ઓમાન તથા અમેરિકાના અનેક વાર પ્રવાસ ખેડ્યા છે. પાશ્ચાત્ય સંસ્કૃતિ જોયા બાદ પણ ભગવાન કૃષ્ણના 'ગીતા'ના સિદ્ધાંતને અનુસરીને કર્મની ગતિ આગળ ધપાવવી એ દેવેન્દ્ર પટેલની જિંદગીનો મુખ્ય ધર્મ રહ્યો છે. દેવેન્દ્ર પટેલ સમય સાથે તાલ મિલાવીને ચાલનારા પત્રકાર તરીકે ઓળખાય છે. એટલે તેમની 'રેડ રોઝ' કોલમ હોય કે 'કભી કભી', 'ચીની કમ' કોલમ હોય કે અન્ય સંશોધનાત્મક લેખ હોય તેમાં લેટેસ્ટ અપડેટ અને તાજો વિચાર જોવા મળે જ.

દેવેન્દ્ર પટેલ પ્રજાની નાડ પારખુ પત્રકાર તરીકે ઓળખાય છે. તેમની કલમ હંમેશાં સત્યના પક્ષે રહી છે એટલે ડર કે સંકોચ વગર પણ ભૂલો કરનાર ટોચના રાજનેતાના કાન પણ કલમ વડે આમળી લે છે.

સૂક્ષ્મ નિરીક્ષણ કરવાની કળા, અથાગ પરિશ્રમ અને નવી પેઢી સાથે તાલ મિલાવવાની કુનેહને કારણે આજે દેવેન્દ્ર પટેલ સફળતાના શિખરે બિરાજમાન થયા છે. પ્રજાના રુંવાડાં બેઠાં થઈ જાય એવી રીતે ઘટનાનું સંવેદનશીલતાથી વર્ણન કરવાની તાકાત દેવેન્દ્ર પટેલની છે. એટલે જ સત્ય અને સૂર્યનો વિકલ્પ નથી એમ ગુજરાતી પત્રકારત્વના જગતમાં દેવેન્દ્ર પટેલનો કોઈ વિકલ્પ નથી.

**(આ અવલોકન પત્રકારત્વ પર ડોક્ટરેટ કરી રહેલા**

**'સંદેશ'ના યુવાન પત્રકાર માસુંગ ચૌધરીનું છે)**

# દેવેન્દ્ર પટેલનાં પુસ્તકોની યાદી

- ★ શમણાની મોસમ
- ★ સુવર્ણ આગ
- ★ પારિજાત
- ★ કોહિનૂર
- ★ ચાલ તને સાડી અપાવું
- ★ રૂપકુંવર
- ★ ચિત્તવન
- ★ મન સોનાનાં તન રૂપાનાં
- ★ અંતરનાં એકાંત
- ★ '૬૨ની નાતાલ
- ★ કંકાલ
- ★ કેમ્પફાયર
- ★ લવિંગીયું
- ★ ધ પ્લોટ
- ★ મારિયા
- ★ મૃણાલ
- ★ ઑપરેશન ઈન્ડિયા
- ★ ના ! તમે મારાં મમ્મી છો
- ★ રેશમ અંધારું કેમ છે ?
- ★ ગલ્ફવૉર
- ★ કેવડાનું અત્તર
- ★ પીળી કરેણનું ફૂલ
- ★ લોહી નીતરતો ઊગતો સૂરજ
- ★ આવિર્ભાવ
- ★ પુષ્પ એક પલાસનું
- ★ ઈઝરાયલ : ધ લેન્ડ ઑફ ધ બાઈબલ
- ★ સદ્દામ હુસૈન
- ★ તુલસી
- ★ વૈદેહી
- ★ સાક્ષી
- ★ હેનાની સુટકેસ
- ★ અત્તરની સુગંધ
- ★ ચીની કમ
- ★ એરિસ્ટોક્રેટ્સ
- ★ મહાજાતિ પાટીદાર
- ★ ડૉનને પીસ પ્રાઈઝ
- ★ અમદાવાદ ૬૦૦
- ★ ચાઈનીઝ ડ્રેગોન

**પ્રાપ્તિ સ્થાન**

**નવભારત સાહિત્ય મંદિર**
**દેરાસર પાસે, ગાંધીરોડ, અમદાવાદ.**
**ટેલિ નં. (૦૭૯) ૨૨૧૩૯૨૫૩, ૨૨૧૩૨૯૨૧**
Email : info@navbharatonline.com